કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી :-
90990 79304, 9638560091
હોથીના ઘરની સામે, છડ ફરિયો, નલિયા, તાલુકા અબડાસા - કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૪ એપ્રિલ, ૨૦૨૫ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૨૬૪◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ચૈત્ર સુદ-૭◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# વકફ બિલથી લોકોના અધીકારોનું રક્ષણ થશે : પીએમ

## હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકોને મદદ મળશે : મોદીએ ટવિટ મારફતે સૌનો વ્યકત કર્યો આભાર

નવી દીલ્હી : વક્ફ સંશોધન બિલ બંને ગૃહમાં પસાર થતા પીએમ મોદીએ તમામ સાંસદોનો આભાર માન્યો છે. આ અંગે તેમણે ટ્વિટ કરતા જણાવ્યું કે આ ચર્ચામાં ભાગ લેનારા તમામ સાંસદોનો આભાર, જેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ કાયદો મજબૂત બનાવવામાં યોગદાન આપ્યુ. સંસદીય સમિતિને મૂલ્યાવાન અભપ્રાય આપ વા બદલ અગણિત લોકોનો વિશેષ આભાર. એકવાર ફરી વ્યાપક ચર્ચા અને સંવાદના મહત્વની પુષ્ટિ થઈ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે દાયકાઓથી વક્ફ પ્રણાલીમાં પારદર્શિતાનો અભાવ હતો. આનાથી ખાસ કરીને મુસ્લિમ મહિલાઓ, ગરીબ મુસ્લિમો અને પસમાંદા મુસ્લિમોના હિતોને નુકસાન થયું. સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાઓ પારદર્શિતા વધારશે અને લોકોના અધિકારોનું રક્ષણ પણ કરશે. સામાજિક અને આર્થિક ન્યાય અને પારદર્શિતા માટે આ એક મહત્વપૂર્ણ ક્ષણ છે. લાંબા સમયથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને મદદ મળશે. વક્ફ બિલ લોકોને અવાજ અને તક આપશે.

વક્ફ સુધારા બિલ સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. લગભગ ૧૨ કલાકની મેરેથોન ચર્ચા બાદ આ બિલ લોકસભામાં પસાર થયું. બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા જ્યારે તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા. આ પછી રાજ્યસભામાં ગુરુવારે ૧૪ કલાક લાંબી ચર્ચા થઈ. જે બાદ આ બિલ રાજ્યસભામાં પણ પસાર થયું હતું. રાજ્યસભામાં આ બિલના પક્ષમાં ૧૨૮ મત પડ્યા જ્યારે તેની વિરુદ્ધ ૯૫ મત પડ્યા. સંસદના બંને ગૃહો દ્વારા પસાર થયા પછી આ બિલ રાષ્ટ્રપતિને મોકલવામાં આવશે. રાષ્ટ્રપતિની મંજૂરી પછી તે કાયદો બનશે.



મેરે દેશ કી ધરતી સોના ઉગલે..!

## બોલિવુડનો વધુ એક સિતારો ખર્યો : મનોજકુમારે લીધા અંતિમ શ્વાસ



**દિગ્ગજ અભિનેતાના નિધન પર PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું : મનોજકુમારને તેમના દેશભકિતના ઉત્સાહ માટે સદાય યાદ કરવામાં આવશે : વડાપ્રધાન**

મુંબઈ : બોલિવુડના દિગ્ગજ અભિનેતા મનોજ કુમારનું ૮૭ વર્ષની વયે અવસાન થયું છે. તેમણે

### દેશભક્તિની ફિલ્મો માટે જાણીતા હતા

મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. તેમના નિધનથી સમગ્ર દેશમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. મનોજ કુમાર ભારતીય સિનેમામાં 'ભરત કુમાર' તરીકે જાણીતા છે.મનોજ કુમારના મૃત્યુના સમાચારથી સ્ટાર્સ અને ચાહકો સોશિયલ મીડિયા પર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. હોસ્પિટલ દ્વારા જારી કરાયેલા તબીબી પ્રમાણપત્ર મુજબ મનોજ કુમાર મૃત્યુ હૃદયરોગ, ડિકમ્પેન્સેટેડ લિવર સિરોસિસનું કારણ રજુ કર્યુ છે. તમને જણાવી દઈએ કે ૨૪ જુલાઈ ૧૯૩૭

અનુસંધાન પાના નં.૪ પર

## અમદાવાદ **સીપી**નો વધુ એક **પ્રજાલક્ષી નિર્ણય** : તમામ PIને **અરજદારો**ને મળવાના **આદેશ**

**પોલીસ મથકમાં ગેરહાજર રહેનાર પીઆઈ સામે થશે કાર્યવાહી : બપોરે ૧૨થી ૨ વાગ્યા સુધી ફરજીયાત અરજદારોને સાંભળવાનો આદેશ**

**અમદાવાદમાં પીઆઈ હવે રાત્રે ૧૨ વાગ્યા સુધી પોલીસ મથક નહી છોડી શકે**



ગાંધીનગર : ગુજરાત રાજયના આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નર તરીકે સેવારત રહેલા જી એસ મલીક તેમના પ્રજાભીમુખ નિર્ણયો થકી સદાય પ્રજાજનોની પ્રસંસા મેળવી રહ્યા છે. દરમ્યાન જ તેઓએ વધુ એક પ્રજાલક્ષી નિર્ણય કરી દીધો છે. શ્રી જીએસ મલિક દ્વારા જે પીઆઈ પોલીસ મથકમાં હાજર નથી રહેતા તેમની સામે કડકાઈ કરતો આદેશ કર્યો છે. તેઓએ કહ્યુ છે કે, રોજ બપોરે બારથી બે વાગ્યા સુધી પીઆઈ પોલીસ મથકમાં હાજર રહેશે અને અરજદારોને સાંભળશે તથા સાંજે ચારથી છ અરજદારોને મવાનુ રહેશે. સાંજે છથી નવ પોતાના વિસ્તારમાં પેટ્રોલીંગ સહીતની કામગીરી કરવી.અને પીઆઈએ રાત્રે નવથી બાર વાગ્યા સુધી પોલીસ મથકે હાજરી આપવાની રહેશે.

આ મામલે મળતી વિગતો અનુસાર અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રી દ્વારા પીઆઈ સહિતના અધિકારીઓને સુચના આપી દેવાઈ છે. હવે પીઆઈએ સાંજે છથી નવ વાગ્યા સુધી તેમના વિસ્તારમાં પેટ્રોલીગ સહિતની કામગીરી કરવાની થશે તો રાત્રે નવથી બાર વાગ્યા સુધી પીઆઈને પોલી મથકમાં હાજર રહેવુ પડશે.

## વકફ સુધારા બિલ પસાર થતા જ CM યોગી એક્શનમાં : આપ્યો મોટો આદેશ

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : વક્ફ સુધારા બિલ પસાર થતાં જ યોગી સરકારે વક્ફ બોર્ડ દ્વારા ગેરકાયદેસર જાહેર કરાયેલી મિલકતો સામે કડક વલણ અપનાવવાનું શરૂ કરી દીધું છે. સરકારે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એવી વક્ફ મિલકતોને ઓળખવા માટે ઝુંબેશ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે કે જે મહેસૂલ રેકોર્ડમાં નોંધાયેલી નથી અને જેને નિયમો વિરુદ્ધ વક્ફ જાહેર કરવામાં આવી છે. આ મિલકતોની ઓળખ કરવામાં આવશે અને વધુ જમીની કાર્યવાહી કરવામાં આવશે.

મહેસૂલ વિભાગના જણાવ્યા અનુસાર યુપીમાં વક્ફ બોર્ડ દ્વારા દાવો કરાયેલી મોટાભાગની મિલકતોનો કોઈ સત્તાવાર રેકોર્ડ નથી.



મહેસૂલ રેકોર્ડ મુજબ, સુન્ની વક્ફ બોર્ડમાં ફક્ત ૨,૫૩૩ મિલકતો નોંધાયેલી છે. જ્યારે શિયા વક્ફ બોર્ડની માત્ર ૪૩૦ મિલકતો જ સત્તાવાર રીતે નોંધાયેલી છે. જ્યારે વક્ફ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આંકડા આના કરતા ઘણા વધારે છે. સુન્ની વક્ફ બોર્ડ પાસે ૧,૨૪,૩૫૫ મિલકતો છે અને શિયા વક્ફ બોર્ડ પાસે ૭,૭૮૫, મિલકતો છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે મોટા પાયે તળાવો, કુંડ, કોઠાર અને ગામડાની સામુદાયિક જમીનોને પણ વક્ફ જાહેર કરવામાં આવી છે જેને સરકારે સંપૂર્ણપણે ગેરકાયદેસર ગણાવી છે. અધિકારીઓનું કહેવું છે કે સરકારી જમીન, ગામડાની સોસાયટીની જમીન અને જાહેર મિલકતોને કોઈપણ સંજોગોમાં વક્ફ જાહેર કરી શકાતી નથી. ફક્ત તે જ મિલકતોને વક્ફ ગણવામાં આવશે જે કોઈ વ્યક્તિ દ્વારા સ્પષ્ટ રીતે દાન કરવામાં આવી હોય.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઘણા જિલ્લાઓમાં તળાવો, ગોચર, કોઠાર અને જાહેર ઉપયોગિતાની જમીનોને વક્ફ જાહેર કરીને કબજામાં લેવામાં આવી હતી. હવે, આવા કિસ્સાઓમાં, કડક તપાસ પછી, જમીનને સરકારી મિલકત જાહેર કરીને પરત કરવામાં આવશે.



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

**ચૈત્ર સુદ-૭, તા.૪ એપ્રિલ, શુક્રવાર**

# તૂર્કીમાં રાષ્ટ્રપતિનો પ્રચંડ વિરોધ કે, અર્દોગનની ચાલ..!

રાષ્ટ્રપતિ એર્દોગનના તુર્કીમાં રાજકીય વિરોધ સામે રાજ્યની કાર્યવાહી કંઈ નવી વાત નથી. ઈ. સ. ૨૦૦૩માં વડાપ્રધાન તરીકે સત્તામાં આવ્યા પછી અને બાદમાં સુધારેલા બંધારણ હેઠળ રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી, એર્દોગન અને તેમની શાસક જસ્ટિસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટી એ અસંમતિ પ્રત્યે ઓછી સહિષ્ણુતા દર્શાવી છે. તેમની સરકારે રાજકીય વિરોધીઓ, પત્રકારો, કાર્યકરો અને ટીકાકારોને વ્યવસ્થિત રીતે નિશાન બનાવ્યા છે. તેમ છતાં, તુર્કીના મુશ્કેલીગ્રસ્ત લોકશાહી ધોરણો અનુસાર, ઈસ્તંબુલના મેયર એકરેમ ઈમામોગ્લુની ધરપકડ હવે વધુ વિકટ સંયોગોની ચિંતાજનક વૃદ્ધિ દર્શાવે છે.

દુનિયાભરમાં શાસકોમાં એક વાયરસ ફેલાયેલો છે કે તેઓ એટલું ઊંચું માથું રાખે છે કે તેમના ચરણકમલમાં આળોટતી પ્રજાની હાલત તેમને ખબર જ નથી હોતી. ને પછી એ જ પ્રજા એમના પગ ખેંચવા લાગે છે. અત્યાધિક દેશોના શાસકોની આ દશા છે. કેટલાક દેશોમાં સારા વિકલ્પના અભાવે ઠોઠ સરકારો ચાલે છે. પ્રજાએ એને નિભાવવી પડે છે અને એ શાસકો પ્રજા પર માછલા ધોવામાં કંઈ બાકી રાખતા નથી. ગત ૧૯ માર્ચે ભ્રષ્ટાચારીઓ અને આતંકવાદીઓ સાથેના સંબંધોના આરોપસર તેમની અટકાયત કરવામાં આવી હતી - આરોપો મોટાભાગે કુર્દિશ તરફી રાજકીય જૂથો સાથેના તેમના જોડાણોમાંથી ઉદભવતાં હતાં. મુખ્ય વિપક્ષ રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે તેમને સત્તાવાર રીતે થોડા દિવસોમાં જાહેર કરવામાં આવે તેવી અપેક્ષા હતી તે પહેલાં જ તેમની ધરપકડ કરવામાં આવી. તાજેતરના મહિનાઓમાં સરકાર દ્વારા બરતરફ કરાયેલા તેઓ પાંચમા મેયર છે.સરકારના આ પગલાથી ભારે વિરોધ થયો છે.

વિરોધના જાહેર પ્રદર્શનમાં, એ ફક્ત પક્ષના સભ્યો માટે જ નહીં - સામાન્ય મતદારો માટે પ્રાથમિક ચૂંટણી યોજી. એ લોકમતમાં ૧૫ મિલિયન મતદારોની ભાગીદારીનો દાવો કર્યો અને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ઈમામોગ્લુને પસંદ કર્યા. એર્દોગને વિરોધ પ્રદર્શનોને ફગાવી દીધા છે, પરંતુ આ સુનિયોજિત ઝુંબેશ પાછળનો હેતુ સ્પષ્ટ છે. તેમનો રાષ્ટ્રપતિ પદનો કાર્યકાળ ૨૦૨૮માં પૂરો થવાનો છે અને બંધારણીય રીતે તેમને ફરીથી ચૂંટણી લડવા માટે પ્રતિબંધ છે - સિવાય કે વહેલી ચૂંટણીઓ બોલાવવામાં આવે અથવા બંધારણમાં સુધારો કરવામાં આવે. દુનિયાના નકશામાં તુર્કી કે જે રૂઢિવાદી હોવા છતાં મજબૂત દેશ ગણાતો હતો તે હવે વિશ્વનજરે લથડિયાં ખાતો દેશ છે. એની વિદેશનીતિ પણ હાલકડોલક છે. ભારત સાથે પણ તુર્કીનું વલણ ફરતું અને ભેદી રહ્યું છે.એર્દોગનને બીજા બધા શાસકોની જેમ ચિરંજીવ કે અમર થઈ રહેવું છે. એટલે એમના ઈશારે પરંતુ સંસદ વહેલી ચૂંટણીઓનો માર્ગ મોકળો કરી શકે છે, જેનાથી તેમને બીજી મુદત મળવવાની મંજૂરી મળી શકે છે.

## પૂર્વ કચ્છમાં તસ્કર ગેંગ વધુ એકવાર સક્રિય બની

# રામવાવના મંદિરમાંથી મૂર્તિ અને શણગારના આભૂષણો ચોરાયા

**ચૈત્રી નવરાત્રી દરમિયાન ચામુંડા માતાજીના મંદિરને તસ્કરોએ અભડાવતા લાગણી દુભાઈ**

ભચાઉ : હાલમાં ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે તેવામાં રાપર તાલુકાના રામવાવ ગામે વરચંદ પરિવારના કુળદેવી ચામુંડા માતાજીના મંદિરમાં ચોરી થતાં લાગણી દુભાઈ હતી. આ બાબતે પૂજારી ભગવાનગર કેશવગર ગોસ્વામીએ ફરિયાદ નોંધાવી હતી. જે પ્રમાણે કોઈ ચોર ઈસમોએ સાંજના સાડા સાત વાગ્યાથી સવારે સાડા પાંચ વાગ્યા દરમિયાન મંદિરમાં પ્રવેશ કરી ચાંદીની વસ્તુઓ, શણગારના આભૂષણો મળી કુલ ૭૦ હજારની મતાની ચોરી કરી હતી.

તસ્કરો ચાંદીનું તોરણ, ચામુંડા માતાજીની ચાંદીની મૂર્તિ, ચાંદીનો નાગ, મોટુ છતર, ૩૫ નાના છતર, પાંદડા વાળો હાર, ચાંદીનો નાનો હાર, રામરામી, બેમુખ વાળું મુગુટ, ત્રિશુલ, રથ, ચાંદીનું ઘોડીયું વગેરે મળી ૭૦ હજારની મતા ચોરી ગયા હતા. આ મંદિરમાં લગાવેલા કેમેરામાં તસ્કરો કેદ થયા હતા. બે ઈસમો આવ્યા અને આરામથી ચોરીને અંજામ આપતા હોવાનું વીડિયોમાં જણાઈ આવે છે. આરોપીઓને તાત્કાલિક ઝડપી લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. બનાવને પગલે લાગણી દુભાઈ હતી.

## આદિપુરમાં લાખ રૂપિયાના મોબાઈલ અને વધુ બે બાઈક ચોરાઈ

ગાંધીધામ : આદિપુરના કેશરનગર -૩માં રહેતા મૂળ મોમાયમોરાના ચેતન નારણભાઈ રાજગોરે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમનો ૧૩ હજારનો, ભાઈ અજયનો ૬૦ હજારનો આઈફોન અને ભાઈ અંકિતનો ૨૪ હજારનો આઈફોન મળી કુલ ૯૭ હજારના મોબાઈલ ચોરાઈ ગયા હતા. જેથી ફરિયાદ નોંધાવાઈ છે. આ તરફ આદિપુરમાં બસ સ્ટેશનની પાછળ રાખેલી જી.જે. ૦૨ બીકે ૧૨૨૧ નંબરની ૩૦ હજારની બાઈક ચોરાઈ ગઈ હતી. જેથી અતુલ બિપિનભાઈ પટેલે ફરિયાદ લખાવી હતી. આ તરફ અંજારમાં નરનારાયણ નગર પાસે એક્સેસ નંબર જી.જે ૧૨ ડીઈ ૭૦૦૪ કિ.રૂા. ૨૫ હજારની ચોરી થતાં અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાવાયો હતો.

## આધોઈમાં રહેણાક વિસ્તારમાં આવવા બાબતે માર મરાયો

ભચાઉ : તાલુકાના આધોઈ ગામે રામ મંદિરની બાજુમાં યુવાનને માર મરાયો હતો. ફરિયાદી કરણભાઈ દેવજીભાઈ પ્રજાપતિના જણાવ્યા પ્રમાણે આરોપી સામજી પેથાભાઈ પટેલ, બાબુ પેથાભાઈ પટેલ અને જીગર ભીમાભાઈ, મોહિત વાલાભાઈ આહિરે ફરિયાદીને અવાર નવાર ના પાડવા છતાં અમારા વાસમાં કેમ આવ્યો તેમ કહી ગાળો આપી ધોકા વડે ઈજા પહોંચાડી મુંઢ માર માર્યો હતો. અને બાઈકમાં નુકશાન કર્યું હતું. સામખિયાળી પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

## આજે ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ રદ્દ

ગાંધીધામ : પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના પાલનપુર સ્ટેશન પર હાલના જૂના ફૂટ ઓવર બ્રિજને તોડવા માટેના પ્રસ્તાવિત બ્લોકને કારણે ગાંધીધામ - પાલનપુર - ગાંધીધામ એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. ૪ એપ્રિલના ટ્રેન નંબર ૧૯૪૦૬ / ૧૯૪૦૫ ગાંધીધામ- પાલનપુર - ગાંધીધામ એક્સપ્રેસ ભીલડી અને પાલનપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી છે.

## ભારાપરમાં ભૂલથી દવાવાળુ પાણી પી જતાં યુવાનનું મોત

ભુજ : તાલુકાના ભારાપર ગામે વાડી વિસ્તારમાં ભૂલથી દવાવાળું પાણી પી જતાં યુવાનનું મોત થયું હતું. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મૂળ છોટા ઉદયપુરના હાલે વાડી વિસ્તારમાં રહેતા રાજુભાઈ રમણભાઈ રાઠવા વાડીમાં દવા છાંટવા ગયા ત્યારે ધોરીયામાંથી દવા વાળુ પાણી પી જતાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં તેઓનું સારવાર દરમિયાન મોત થતાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

--------

### મુંદરામાં યુવાને આપઘાત કર્યો

મુંદરા : શહેરમાં વર્ધમાનનનગર-૨માં આવેલા પોતાના ઘરની બાજુમાં ગોડાઉનમાં યુવાને આપઘાત કરી લીધો હતો. ૩૪ વર્ષિય ભરતભાઈ કિશોરભાઈ ફોફીડેએ કોઈ અગમ્ય કારણોસર પંખામાં નાઈલોનના પટા વડે ફાંસો ખાઈ જીવાદોરી ટૂંકાવતા પરિવાર શોકમાં ગરકાવ થયો હતો.

-------

### કબરાઉ આવેલા હિંમતનગરના આધેડનું મોત

ભચાઉ : સાબરકાંઠાના હિંમતનગરમાં રહેતા ૫૨ વર્ષિય ધીરજકુમાર પટેલ ૩ તારીખે સવારે કબરાઉ મોગલધામ દર્શન માટે આવ્યા હતા. ત્યારે કોઈ કારણોસર તેમનું મોત થતાં ભચાઉ સીએચસીમાં લઈ જવામાં આવ્યા હતા. ભચાઉ પોલીસે એડી દાખલ કરી તપાસ હાથ ધરી છે.

------

### આંબલિયારામાં ડમ્પર રિવર્સમાં આવતા થાંભલાને અડી જતાં મારામારી

ભચાઉ : તાલુકાના આંબલિયારા ગામના પાદરમાં




રામદેવ પીર મંદિરની આગળ મારામારી થઈ હતી. ફરિયાદી મૂળ પંજાબના હાલે ભચાઉ રહેતા ડ્રાઈવર રાકેશકુમાર રોશનલાલ અરોરાના જણાવ્યા પ્રમાણે ફરિયાદી ડમ્પર રિવર્સમાં લેતા હતા, ત્યારે ડમ્પર પાછળ આવેલા વીજ થાંભલાને અડી જતાં ફરિયાદી જોવા ગયા ત્યારે આરોપી વીરાભાઈ મોમાયાભાઈ સોલંકીએ ધકબુશટનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેથી સામખિયાળી પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

-----

### નાના વરનોરામાં બાઈક બાબતે હુમલો કરાયો

ભુજ : તાલુકાના નાના વરનોરા ગામે આવેલા મોખા ફળિયામાં બાઈક રાખવા બાબતે ઝઘડો થયો હતો. ફરિયાદી અનેશ ગની મોખાના જણાવ્યા પ્રમાણે આરોપી અલ્તાફ જુસબ મેર, જુસબ જુમા મેર, શહેજાદ જુસબ મેર, હમજા જુસબ ગગડા, નવાબ જુસબ ગગડા, સુલતાન સુમાર મેર અને આસીફ કાસમ મોખાએ ગેરકાયદે મંડળી બનાવી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે લોખંડના હથિયારો ધારણ કરી પાઈપ અને પંચ વડે માર માર્યો હતો. જેથી માધાપર પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

-----------

### ભવાનીપુરમાં મહિલાઓએ હુમલો કર્યો

ભચાઉ : તાલુકાના ભવાનીપુરમાં મહિલાઓએ હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી કિશનભાઈ કમલેશભાઈ કોલીના જણાવ્યા પ્રમાણે આરોપી આરતીબેન દરજીએ નૂતનબેન, ગીતાબેન ભાટિયા, ગીતાબેન ઠક્કર, ક્રિષ્નાબેન ઠક્કરને ગાળો આપી અને ફરિયાદીને પથ્થરના છુટા ઘા મારી ઈજા પહોંચાડતા ફરિયાદ નોંધાવાઈ હતી.

## લોકસભા સત્ર દરમિયાન આદર્શગાવ વિશે સાંસદ વિનોદ ચાવડા દ્વારા પ્રશ્નોત્તરી




લોકસભા સત્ર દરમિયાન કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ ગુજરાત અને વિશેષતઃ પોતાના મત શ્રેત્ર કચ્છમાં અનુસૂચિત જાતિ વિસ્તારોમાં પ્રધાનમંત્રી અજય યોજનાની સ્થિતિ અને કચ્છ સંસદીય શ્રેત્રમાં પ્રધાનમંત્રી અજય યોજના હેઠળ આદર્શગાંવની વર્તમાન સ્થિતિ વિશે જાણવા પ્રશ્નોત્તરી કરી હતી, જેની સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી વિરેન્દ્રકુમારે માહિતી આપી હતી.

## મડદદાદા વાર્ષિક યાત્રા મહોત્સવ-૨૫ : લઠેડી ગામે શનિવારે ભક્તિભર્યું આયોજન

લઠેડી : અબડાસા તાલુકાના લઠેડી ગામ ખાતે લોકઆસ્થા અને ભક્તિભાવના પ્રતીક એવા મડદાદા યાત્રા મહોત્સવ-૨૫નું ભવ્ય આયોજન ૫ એપ્રિલ, શનિવારના રોજ કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક યાત્રા મહોત્સવ અંતર્ગત ધ્વજારોહણથી લઈને શોભાયાત્રા અને સાંજના રાસ-ગરબા સુધીના અનેક ભાવભીની તથા રંગારંગ કાર્યક્રમોની માળા ગૂંથવામાં આવી છે. સવારે વહેલી ઘડીથી શરૂ થનારા કાર્યક્રમોમાં બારામતી પંથ, ભક્તિસભર મહાઆરતી, સન્માન સમારોહ તથા ગામભર ભક્તો એકત્રિત થાય તેવી શોભાયાત્રા યોજાશે. આ ઉપરાંત, યાત્રાધામ પર નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેથી ઉપસ્થિત ભક્તો અને આગંતુકોને આરોગ્ય ચકાસણી અને તબીબી સલાહ મળી શકે. આ સમગ્ર આયોજન મડદદાદા સેવા સમિતિના આયોજકો દ્વારા ગામ અને આસપાસના વિસ્તારોના ભક્તો માટે ઉલ્લાસપૂર્વક અને શિસ્તભર્યું આયોજન કરવામાં આવ્યું છે.



અંજાર ના દુધઈ હાઈવે પર આવેલ અલ્લારખા હોટલ પાછળ એક ખેતરમાં વીજ તાર શોર્ટ સર્કિટ થતાં મોટી આગ લાગી છે અને બાજુમાં એરંડા રાખેલ છે. જેની જાણ થતાં ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા અંતે મહામહેનત બાદ આગ પર ૨ કલાક સતત પાણી ચલાવીને આગ પર સંપુર્ણ કાબુ મેળવ્યો હતો.

## ભુજના 'અર્બન એજ્યુકેશન એન્વાયરોનમેન્ટ' પ્રોજેક્ટને મળ્યો 'ક્લાઇમેટ ચેન્જ' એવોર્ડ

**શૈક્ષણિક કેટેગરીમાં ત્રીજું સ્થાન : શિલ્ડ સાથે ૫૦ હજારનો પુરસ્કાર**




ભુજ : ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે 'ક્લાઈમેટ ચેન્જ' એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. ક્લાઈમેટ ચેન્જના વિષય પર શૈક્ષણિક સંસ્થાનોની કેટેગરીમાં ભુજમાં સામાજિક સંસ્થાઓના પ્રકલ્પ 'હોમ્સ ઈન ધ સિટી' પ્રેરિત 'અર્બન એજ્યુકેશન એન્વાયરોનમેન્ટ' પ્રોજેક્ટને ત્રીજું સ્થાન પ્રાપ્ત થતાં સચિવાલય ગાંધીનગર ખાતે રાષ્ટ્ર અને રાજ્યના પર્યાવરણના મંત્રીઓના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ માટે ગુજરાતમાંથી કુલ્લ ૧૨૦ અરજીઓ કરવામાં આવી હતી.

નવી પેઢી પર્યાવરણ વિષે વધુ સંવેદનશીલ બને એવા આશય સાથે સ્થાનિક પર્યાવરણની સ્થિતિ, સમસ્યાઓ અને ઉકેલોને સાંકળીને ભુજની સરકારી શાળાના બાળકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલો પ્રકલ્પ એટલે 'અર્બન એન્વાયરોનમેન્ટ એજ્યુકેશન'. ભુજની કચ્છ મહિલા વિકાસ સંગઠન સહિત સામાજીક સંસ્થાઓના સંયુક્ત પ્રકલ્પ 'હોમ્સ ઈન ધ સિટી' અંતર્ગત યુઈઈ પ્રોજેક્ટ દ્વારા છેલ્લા ૨ વર્ષોથી ૧૨ સરકારી શાળાના ૩ હજાર બાળકોને નવીનતમ માધ્યમો દ્વારા પર્યાવરણ સાથે પરિચિત કરાવવામાં આવી રહ્યા છે. પર્યાવરણના જતન માટે રીડયૂઝ, રીયુઝ અને રિસાઈકલના ઉદ્દેશ્યો કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓને એક સજાગ નાગરિક તરીકે એમની ફરજો વિષે પણ અવગત કરવામાં આવે છે. આ પ્રકલ્પને અલ્કાબેન જાની, ડો. પંકજભાઈ જોશી તેમજ શૈલેષભાઈ વ્યાસ મેંટરીંગ કરી રહ્યા છે જ્યારે સંદીપભાઈ વીરમાની, સંજયભાઈ ઠાકર તેમજ ઋત્વિજભાઈ ધોળકિયા એડવાઈઝરી તરીકે માર્ગદર્શન પૂરું પડી રહ્યા છે.

ક્લાઈમેટ ચેન્જના એવોર્ડની જાહેરાત થતાં 'અર્બન એન્વાયરોનમેન્ટ એજ્યુકેશન'ની ટીમ દિપાલી પંચોલી, નયના ચારણિયા, કરિશ્મા ફજવાની અને પલ્લવી પરમારે સવિસ્તાર અરજી કરી હતી. આ અરજીના પ્રત્યુતર રૂપે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી તરફથી શૈક્ષણિક કેટેગરીમાં એવોર્ડ સ્વીકારવા માટે ગાંધીનગર સચિવાલય ખાતે ટીમને આમંત્રિત કરાઇ હતી. સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં આયોજિત એવોર્ડ વિતરણ સમારોહમાં વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જના મંત્રી મુળુભાઈ બેરા તેમજ વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જના રાજ્યકક્ષાના મંત્રી મુકેશભાઇ પટેલના હસ્તે યુઈઇ ટીમના દિપાલી પંચોલી અને નયના ચારણિયા તેમજ એચઆઈસીના જય અંજારિયાએ એવોર્ડ સ્વીકાર્યો હતો. એવોર્ડમાં શિલ્ડ સાથે ૫૦ હજાર રૂપિયાનો પુરસ્કાર પણ એનાયત થયો હતો.

## ભુજમાં શિવ મહાપુરાણ કથા અને સાંસ્કૃતિક મહોત્સવનો પ્રારંભ





ભુજ : શિવભક્તિ અને આધ્યાત્મિકતાને વિસ્તૃત કરવા માટે રઘુવંશી ઉત્કર્ષ મંડળ અને રાવલવાડી ઉત્કર્ષ મંડળના સંયુક્ત ઉપક્રમે ભુજમાં શિવ મહાપુરાણ કથાનું આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કથાનો આજથી ૧૨ એપ્રિલ સુધી રઘુવંશીનગર, રાવલવાડી રિલોકેશન, જલારામ મંદિર ચોક ખાતે યોજાશે. આ કથાના વ્યાસપીઠે શાસ્ત્રી હરેશભાઈ જોશી (મંગવાણાવાળા) ઉપસ્થિત રહી શિવ મહાપુરાણના પવિત્ર શ્લોકો દ્વારા ભક્તજનોને શિવતત્વ અને અધ્યાત્મનું માર્ગદર્શન આપશે. કથા શ્રવણનો સમય દરરોજ બપોરે ૩થી સાંજે ૭ સુધીનો રહેશે. શુક્રવારે સવારે ગાજતે વાજતે પોથી યાત્રા નિકળી હતી, જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. વાજતે ગાજતે નિકળેલી પોથીયાત્રા કથા મંડપે પહોંચ્યા બાદ સુહાની પરેશભાઈ પૂજારાના હસ્તે દિપ પ્રાગટય કરાયું હતું. કથાના પ્રારંભે વકતાએ શિવ મહાપુરાણના મહાત્મયની સમજ આપી હતી. કથાના હેતુસર સતી ચરિત્ર, દ્વાદશ જ્યોતિર્લિંગ કથા અને હોમાત્મક લઘુરૂદ્ર હવન જેવા પવિત્ર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, આચાર્યપદે અતુલભાઈ વિશ્વનાથ જોશી (ભવાનીપરવાળા) વિધિ-વિધાન સંપન્ન કરાવશે. કથા દરમિયાન પ્રાસંગિક અવસરે વિશિષ્ટ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમો પણ યોજાશે, જેમાં સંગીત સંધ્યા (સુભાષ પંડિત) હાસ્ય નાટક "વિદેશી વહુ તને શું કહું" હાસ્ય દરબાર (પીયૂષ મહારાજ) દાંડિયારાસ (રાજભા ગઢવી અને સાથીદારો), સુંદરકાંડના પાઠ (સંજય દ્વિવેદી), ધાર્મિક હાઉઝી (લય અંતાણી), કચ્છી હાસ્ય નાટક "ખોટાડે જા ગોટાળા" (ગણેશ નાટ્ય ગ્રુપ), ભજન સંધ્યા (પ્રખ્યાત ગાયક ઓસમાણ મીર) વગેરેનું પણ આયોજન કરાયું છે. કથા શ્રવણનો લાભ લેવા રઘુવંશી ઉત્કર્ષ મંડળ અને રાવલવાડી ઉત્કર્ષ મંડળ દ્વારા ભાવિકોને જાહેર નિમંત્રણ પાઠવાયું છે.

## નખત્રાણા 'કચ્છ ઉદય'ના પત્રકાર વિનયકાંત ગોરના માતાનું નિધન



**મોટા અંગિયા રામજી મંદિરના પૂજારી શાન્તાબેન નરસીહ ગોરનું નિધન : શનિવારે તેમની પ્રાર્થનાસભા યોજાશે**

નખત્રાણા : જલારામ બાપાના પરમ ભક્ત મોટા અંગીયા રામ મંદિરના પૂજારી શાન્તાબેન નરસિંહનું દુઃખદ નિધન થતાં પંથકમાં શોક ફેલાયો છે. નખત્રાણા 'કચ્છ ઉદય'ના પત્રકાર વિનયકાંત ગોરના માતૃશ્રી શાન્તાબેન ૯૧ વર્ષની વયે ફાની દુનિયા છોડી છે. જલારામ બાપાના પરમ ભક્ત એવા શાન્તાબેન ૭૦ વર્ષથી રામ મંદિરની પૂજા કરતા હતા. ધાર્મિક અને સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલા શાન્તાબેનની પ્રાર્થનાસભા તા. ૫-૪-૨૦૨૫ શનિવારે સાંજે ૫થી ૬ જૈન સમાજવાડી, મોટા અંગિયા ખાતે યોજાશે. તેમના નિધન બદલ સરપંચ ઈકબાલ ઘાંચી, રામ મંદિરના ટ્રસ્ટીઓએ શોક વ્યક્ત કરી તેમને અંજલી આપી હતી.

## કુરબઇ શાળાના શિક્ષકે પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કરી



ભુજ : કુરબઇ શાળાના શિક્ષક સંદીપભાઈ પી. રાઠોડ દ્વારા 'અ સ્ટડી ઓન જોબ સેટીસફેક્શન ઓફ પ્રાઈમરી ટીચર ઓફ કચ્છ ડિસ્ટ્રીક્ટ' વિષય પર ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટીમાં મહાશોધ નિબંધ રજૂ કરી ડોક્ટરેટની પદવી પ્રાપ્ત કરી છે, જેના માર્ગદર્શક તોલાણી કોમર્સ કોલેજના અધ્યાપક ડૉ. કમલ એચ. ખારેચા હતા. ઓપન ડિફેન્સ વાઈવા માટે એક્ટર્નલ રેફરી તરીકે જયપુર યુનિવર્સિટીના વિષય નિષ્ણાંત ડો. ગૌરવ લોઢા હતા.

આ મહાશોધ નિબંધમાં કચ્છમાં કામ કરતા પ્રાથમિક શિક્ષકોને મળતી સુવિધાઓ અને સમસ્યાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે કોમર્સ અને મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના ડીન ડૉ. વિજય વ્યાસ અને હેડ ડૉ. પી.એસ. હિરાણી ઉપસ્થિત રહ્યા હતા.

## રાપરમાં શાંતિ સમિતિની બેઠક મળી



રાપર : રવિવારે રામ નવમીની ઉજવણી થવાની છે, ત્યારે રાપર પોલીસ સ્ટેશને પીઆઈ જે.બી. બુબડિયાની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં રસીકભાઈ આદુઆણી, પ્રભુલાલ રાજદે, વિનોદભાઈ મજેઠિયા, શૈલેષ સોની, અજય સોની, રમેશભાઈ સાધુ, હાજીભાઈ ખાસકેલી, મુકેશસિંહ રાઠોડ, નરેશ ઠાકોર, મુકેશ ચાવડા, બાબુભાઈ કારોત્રા, કિરણ બારોટ, વિક્રમ દેસાઈ વગેરે હાજર રહ્યા હતા.

## રામવાડા ખાતે આવતીકાલે સંતવાણી યોજાશે

ભુજ : અબડાસા તાલુકાના ગરડા પંથક વિસ્તારના પૌરાણિક તિર્થધામ રામવાડા ખાતે આગામી તા. ૫-૪ના રાત્રે ભવ્ય સંતવાણી જેમાં ગુજરાતના પ્રખ્યાત કલાકારો ભજની તન્વીબેન ગઢવી, પિયુષ બારોટ એન્ડ પાર્ટી એચ વી સાઉન્ડ માંડવીના સથવારે રમઝટ બોલાવશે. બીજા દિવસે સવારે શુભ મુહૂર્ત હવન હોમ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવામાં આવશે. બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રીરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો રાખવામાં આવશે આ પ્રસંગે ૪૦૦૦થી વધારે ભાવીકો દર્શનાર્થે મહાપ્રસાદનું લાભ લેશે તેવું રામવાડા જાગીરના મહંત જનકદાસજી બાપુનાં અધ્યક્ષસ્થાન યોજાશે.

## મુંદરામાં સરકારી જમીન પર ગાંજાની ખેતી કરનારનું દબાણ અઠવાડિયામાં તોડી પડાયું

**નાગ તલાવડી વિસ્તારમાં પોલીસે દરોડો પાડી અઢી લાખનો ગાંજો કર્યો હતો કબ્જે : ૪૭.૫૦ લાખની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ**



મુન્દ્રા : અઠવાડિયા પહેલા શહેરના નાગતલાવડી વિસ્તારમાં પોલીસે દરોડો પાડી અઢી લાખનો ગાંજો કબ્જે કર્યો હતો. તે સમય તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપીએ સરકારી જમીન ગેરકાયદે વાળી લઈ વરંડો બનાવી અંદર ગાંજાનું વાવેતર કર્યું હતું. પોલીસે નગરપાલિકા પાસે અભિપ્રાય મંગાવી આ જમીન પર દબાણ દુર કરવા માટે જણાવતા અઠવાડિયામાં જરૂરી કાર્યવાહી કરી મામલતદાર દ્વારા આ દબાણ તોડી પડાયું છે. તાલુકાના મુન્દ્રા સીમમાં ટ્રા.સ. નં ૧૪૧ પૈકી (નાગતલાવડી) વિસ્તારમાં સરકારી પડતર જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારી બી.એચ. ઝાલાના સુપરવિઝન હેઠળ મામલતદાર કે.એસ.ગોંદિયા, પોલીસ ઈન્સ્પેક્ટર રાકેશ ઠુમ્મર, પોલીસ ટીમ અને સર્કલ ઓફિસર- મુન્દ્રા એચ.પી.રાજગોર, નાયબ મામલતદાર (દબાણ) એલ.કે. ગઢવી, પીજીવીસીએલ ટીમની હાજરીમાં દબાણ તોડી પાડીને દૂર કરવામાં આવ્યું હતું. આ કામગીરી બાદ કુલ અંદાજિત વિસ્તાર ૩૧૭ ચો.મી અને બજાર કિંમત રૂપિયા ૪૭,૫૦,૦૦૦ની જમીન દબાણમુક્ત કરીને ખુલ્લી કરાવવામાં આવી હતી.

**જાહેર નોટીસ** કેસ નં.૯૩/૨૦૨૪

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાની કોર્ટમાં તા.નખત્રાણા

વિષય : જન્મ-મરણની નોંધણી (સુધારો) એક્ટ-૨૦૨૩ ની કલમ ૧૧(૩) મુજબ જન્મની નોંધ હુકમ કરાવા બાબત

| | | |
|---|---|---|
| અરજદાર : વીરજી દેવજી નાકરાણી, રહે. રવાપર, તા.નખત્રાણા-કચ્છ. ઉનાડ, સીપોર, મહેસાણા | વિરૂધ્ધ | સામાવાળા : તલાટી કમમંત્રીશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, રવાપર ગ્રામ પંચાયત તા.નખત્રાણા |
| અરજદારના વકિલશ્રી, કે.કે.પટેલ, નખત્રાણા | | |

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પોતાના નામે વીરજી દેવજી નાકરાણીનો તા.૦૫/૦૫/૧૯૬૨ના રોજ મોજે-રવાપર ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે સમય મર્યાદામાં નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારે પોતાના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં.૯૩/૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦ની મુદતમાં રૂબરૂમાં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજ તા. ૦૩ માહેઃજાન્યુઆરી સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી (બી.આર.શાહ) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ નખત્રાણા

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# રાતાતળાવની સેવા પ્રવૃત્તિથી પ્રભાવિત જામનગરના ભાનુશાલી દાતા દર મહિને રૂા.૫૧ લાખનું દાન ૧૨ માસ સુધી આપશે




## મુળ અબડાસાના વમોટીના હાલે જામનગર સ્થિત નિલેશભાઈ મંગેએ રાતાતળાવની સંતશ્રી પાંજરોપોળનું નિરીક્ષણ કરી ગાયોને મીઠું મોઢું કરાવી રૂા.૬.૧૨ કરોડના દાનની કરી જાહેરાત : દાતાનું શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ તથા વિવિધ ગામના ભાનુશાલી મંડળો દ્વારા કરાયું સન્માન

નલિયા : સેવાધામ રાતાતળાવ મધ્યે થઈ રહેલા ગૌસેવાના કાર્યોથી પ્રભાવિત થઈ જામનગરના ભાનુશાલી દાતા દ્વારા દર મહિને રૂા.૫૧ લાખ ૧૨ માસ સુધી આપી રૂા.૬.૧૨ કરોડના દાનની જાહેરાત કરાઈ હતી.આ પ્રસંગે રાતાતળાવની સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળની સંચાલક સંસ્થા શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ દ્વારા દાતાનું સન્માન વિવિધ ગામના ભાનુશાલી મંડળોના માધ્યમથી કરાયું હતું. મુળ અબડાસા તાલુકાના વમોટી ગામના અને હાલ જામનગર સ્થાયી થયેલા શ્રીનાથજીના પરમભક્ત એવા માતૃશ્રી ધનલક્ષ્મીબેન કરશનદાસ મંગે પરીવાર દ્વારા રૂા.૬.૧૨ કરોડના અનુદાનની જાહેરાત કરાઈ હતી.જેનો પ્રારંભ આવતા શ્રાવણ માસની જન્માષ્ટમીના દિવસથી દર મહીને રૂા.૫૧ લાખ સંસ્થાને ગૌસેવાની પ્રવૃત્તિઓ માટે ૧૨ માસ સુધી અર્પણ કરાશે. આ સહાનુભુતિ બદલ દાતા પરિવારના શ્રીમાન નિલેશભાઈ તથા તેમના ભાઈનું સહ પરિવાર સંસ્થા દ્વારા ભવ્ય સત્કાર સમારંભ સમારંભ યોજાયો હતો.જેમાં પ્રથમ ચૈત્ર નવરાત્રી પ્રસંગે રાતાતળાવ આશાપુરા માતાજી મંદિરે ઘટઃ સ્થાપન કરવામાં આવી હતી.આ કાર્યમાં દાતાશ્રી અને સંસ્થા વચ્ચે સેતુરૂપ ભુમિકા ભજવનાર ભાનુશાલી મહાજન સરોવર ટ્રસ્ટના પ્રમુખ અને જામનગર મહાનગરપાલિકાના માજી સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન શ્રી મનીષભાઈ કટારીયા તથા સાથે રહેલ બાબુભાઈ તથા હંસરાજભાઈનું સંસ્થા દ્વારા સન્માન કરાયું હતું.આ પ્રસંગે ભીમપર-બાલાચોડ પ્રાથમિક શાળા પરિવાર તેમજ ગાંધીધામ, નલીયા, વમોટી, હમીરપર, બિટ્ટા, ભવાનીપર, સાંધાણ, બાલાચોડ, ભાચુંડા, મોથાળા, ધનાવાડા, નરેડી સહિત વિવિધ ગામોના ભાનુશાલી મહાજન એવમ જૈન મહાજન મંડળોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

દાતા પરિવારના નિલેશભાઈ કરશનદાસ મંગેએ સંસ્થા દ્વારા ગૌસેવાના કાર્યમાં સહયોગી થવાનો અવસર આપવા બદલ આભાર માન્યો હતો.જામનગરના મનિષભાઈ દ્વારા રાતાતળાવ ખાતે સાડા પાંચ હજાર ગૌવંશની થતી સેવા તથા જામનગર મહાનગરપાલિકાના ગૌવંશને સ્વીકારવા બદલ સંસ્થાનો આભાર માન્યો હતો અને દાતા પરિવારની વિગતો આપી હતી. સંસ્થાના સ્થાપક મનજી બાપુ, ટ્રસ્ટી ઉંમરશી શીવજી મંગે, મહેશભાઈ, વાલજીભાઈ, મોહન પટેલ, ગોવિંદભાઈ, કનૈયાભાઈ, ગજુભા જાડેજા વગેરેએ ઉપસ્થિત મહેમાનો, મહાજન મંડળો, શાળા પરીવારનું સન્માન કર્યું હતેં.સાથે સંસ્થાના સેવાકાર્યોમાં સહભાગી એવા ટ્રસ્ટી આશારીયા લાલજી વડોર જેમના દ્વારા ૬૦ દિવસ સુધી દરરોજ ૧ ટેમ્પો લીલો ચારો મોકલશે તથા આઈશ્રી દેવલમાં જીવદયા સમીતી - ભુજના અરવિંદભાઈ ગોર વતીથી દર વર્ષે ઉનાળાના પ્રારંભથી વરસાદ સુધી દરરોજ મોકલાતા લીલા ચારાના દાન બદલ તેમનો સન્માનીત કરાયા હતા.

ગૌસેવાના કાર્યોમાં નિરંતર સહયોગી એવા કચ્છ કડવા પાટીદાર સમાજના ગૌદાન ગ્રુપ, શ્રીમાન કરશનભાઈ નારાણભાઈ છભાડીયા પરીવાર - આસંબીયા, નવિનભાઈ આઈયા - ભુજ, તુલસીદાસ જોષી - ભુજ, વિનોદભાઈ પરષોત્તમ સોલંકી - માધાપર તથા પ.પુ.દેવીશ્રી ચંદુમા - ગઢશીશાવાળા હસ્તે જેવા નામી-અનામી દાતાશ્રીઓ - સેવકો જેમનો દરરોજ સહયોગ મળે તેવા મહાનુભાવોને યાદ કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેશભાઈ ભાનુશાલી - સેલવાસવાળાએ કર્યુ હતું.નલીયા ભાનુશાલી મહાજનના પ્રતિનિધી પરેશભાઈ ભાનુશાલીએ આભારવિધી કરી દાતા નિલેશભાઈ પરિવારને આવા કાર્યો કરવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

સેવાધામ રાતાતળાવે માતાજીના મંદિર પુનઃ જીર્ણોધ્ધાર માટે ૫૫૫ કળશનું દાન આપનારા રાજેશભાઈ શામજીભાઈ નંદા પરિવાર - બિટ્ટા, ગૌવંશ હોસ્પિટલના મુખ્ય યજમાન માટે ૧૭૫ કળશનું દાન આપનાર દિપ શંભુરામ ગજરા - ધુણઈ, શતચંડી યજ્ઞ માટે ૧૧૧ કળશનું દાન આપનાર કરશનદાસ પરષોત્તમ ચાંદ્રા એવમ હરિરામ પરષોત્તમ ચાંદ્રા પરિવાર રામપર(અબડા)- ગાંધીધામ, વલસાડના ઓધવ ભક્ત દ્વારા ૧૧૧ કળશનું દાન મળ્યું હતું તથા ભાનુશાલી દ્વારાના મહંત કૃષ્ણદાસજી મહારાજ દ્વારા ૨૫ લાખના ગૌસેવાના અનુદાન બદલ તેઓશ્રીને યાદ કરાયા હતા. આયોજનને સફળ બનાવવા વસંત નંદા, શીવજી કાનજી મહેશ્વરી, હંસરાજભાઈ, કનુભાઈ બાવાજી, જગદીશભાઈ, લાલજીભાઈ, મોહનભાઈ, હિંમતભાઈ, કરણભાઈ, વિપુલભાઈ, શંકરભાઈ, પ્રેમજીભાઈ, અનિલભાઈ તથા સંસ્થાના સ્થાનિક કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ભુજ લોહાણા મહિલા મંડળના હોદ્દેદારો વરાયા


પ્રમુખ


ઉપપ્રમુખ


મંત્રી


સહમંત્રી


સલાહકાર


સલાહકાર


સલાહકાર

ભુજ : લોહાણા મહિલા મંડળ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ તરીકે મમતાબેન ઠક્કર, ઉપપ્રમુખ શારદા બેન ઠક્કર, મંત્રી દક્ષાબેન રૂપારેલ, ખજાનચી દિપાબેન પુજારા, સહમંત્રી શીલાબેન માણેક તેમજ સલાહકાર જ્યોતીબેન પવાણી, લતાબેન કોઠારી, ભારતીબેન તેમજ કુલ ૪૦ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

# ભુજ ચાણક્ય એકેડમી, વિદ્યાપીઠ કોલેજ તથા ફીઝયોથેરાપી કોલેજ દ્વારા વાર્ષિક દિવસની ભવ્ય ઉજવણી




ભુજ : ચાણક્ય ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુટ દ્વારા વાર્ષિક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની પ્રતિભા દર્શાવતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ટ્રસ્ટીઓના વડપણ હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષગણની હાજરીથી કાર્યક્રમ વધુ શોભાયમાન બન્યો હતો. આ કાર્યક્રમમાં ૬૫૦થી વધુ બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્ય, સંગીત અને નાટકથી સર્વે મંત્રમુગ્ધ બન્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓ વાડીલાલભાઈ સાવલા, સંદીપભાઈ દોશી, પંકજભાઈ મહેતા, અંકિતભાઈ સાવલા, જયભાઈ મહેતા તથા હસ્તિ જીનય દોશી, ઈન્સ્ટિટયુટના પ્રધાનાચાર્યો કવિતા બારમેડા, બિજલ તિવારી, ડો. નમ્રતા ઠક્કર તથા ડો. વિજય ત્રિપાઠીએ જહેમત ઉઠાવી હતી. શાળાના મેનેજર સોહીત પલણના નેતૃત્વ હેઠળ શિક્ષકો, કર્મચારીઓ અને માતા-પિતાના અથાક પ્રયત્નો થકી કાર્યક્રમની ભવ્યતા ઉડીને આંખે વળગે એવી હતી. વાર્ષિકોત્સવ દરમિયાન વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર બાળકોને સ્ટુડન્ટ ઓફ ધી યરના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા.






# ખાનાય મધ્યે સાડા ચાર કરોડના ખર્ચે શિવ મંદિર અને બ્રહ્મલીન મેઘરાજજી દાદાનું મંદિર નિર્માણ પામશે




નખત્રાણા : અબડાસા તાલુકાના ખાનાય જાગીર જ્યાં રામદેવજી મહારાજના બેસણા છે તેમજ પવિત્ર રામા સરોવર આવેલું છે. પૂજ્ય ગોરજીપીર દાદાની તપોભૂમિ છે, જે સ્થાનકે બ્રહ્મલીન સંત મેઘરાજજી દાદાના ગુરૂદેવ યોગીરાજ બ્રહ્મલીન ત્રિલોકનાથજી બાપુની ૩૨મી નિર્વાણ ઉજવવામાં આવી હતી. પૂજ્ય મેઘરાજજી દાદાને બ્રહ્મલીન થયા અને ૪૦ દિવસ થતાં મોટી સંખ્યામાં સંતો, મહંતો, રાજકીય, સામાજિક આગેવાનો પધાર્યા હતા.

બ્રહ્મલીન સંતની તિથિમા પાદુકા પૂજન ગુરૂ પાદ પૂજન, મહા આરતી, ગુરૂ વંદના તેમજ દાદાના ૪૦મો સંપન્ન થતાં અહીં ધર્મ ભાવના સાથે ઉત્સવ ઉજવાયો હતો. રામદેવપીર મેળા સમિતિ ખાનાય સેવા સમિતિ દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી હતી.

હરિયાણાના કપૂર કી પહાડી નાથ સંપ્રદાયના બારાહના મહંત કિશનનાથજી બાપૂની પ્રેરણાથી સંતો ભાવિક ભક્તોની બેઠકમાં મેઘરાજજી દાદાનુ મંદિર તેમજ શિવ મંદિર નિર્માણનું નક્કી કરવામાં આવ્યું હતું. સંત મેઘરાજજી દાદાએ સનાતન ધર્મના પ્રચાર પ્રસાર માટે તથા પ્રયાસો કર્યા હતા.

દાદાએ પાઠકોરીનું મહત્વ સમજાવ્યો હતો આરાધીવાણીના સુરો રેલાવ્યા હતા. કચ્છ, ગુજરાત, કાઠીયાવાડમાં આરાધીવાણીને જીવંત મેઘરાજજી દાદાનો સિંહ ફાળો હતો. નાથ સંપ્રદાય પરંપરાના બારાહના મહંત કિશનનાથજી બાપુએ ખાનાય જાગીર બ્રહ્મલીન મેઘરાજજી દાદાનું નૂતન મંદિર બનાવવા આદેશ કર્યો હતો અને મૂર્તિ સ્થાપિત કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. સાડા ચાર કરોડના ખર્ચથી મંદિરનું નિર્માણ કરવામાં આવશે. પૂજ્ય કિશનનાથજી બાપુએ ૫ લાખના દાનની જાહેરાત સાથે મેઘરાજજી દાદાની મૂર્તિના ખર્ચનું દાન પોતા તરફથી કરવા જાહેર કર્યું હતું. મંદિર નિર્માણ કાર્ય માટે ભૂમિ પૂજન સંપન્ન કરવામાં આવ્યું હતુ જેનું કામ ગતિમાં છે. નિર્માણ કાર્ય ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

રાત્રે સંતવાણીમાં સૌરાષ્ટ્રના પ્રખ્યાત કલાકાર લલીતાબેન ઘોડાદરા, સમરથસિંહ સોઢા, મોરારદાન ગઢવી, કિશોરભાઈ વાઘેલા સહિતનાઓએ લોકોને ડોલાવ્યા હતા. રવિ ભાણ આશ્રમના મહંત મહામંડલેશ્વર શાંતિદાસજી મહારાજ, હિંગરીયાથી કલ્યાણદાસજી મહારાજ, પુ. આશા મા, મિયાની ગુનેરીથી પૂ હરિસિંહ દાદા, લાખાપરથી માનસંગજી દાદા, બાલ્કદાસજી બાપુ, ઉગમસી ભાટી ખટિયા, વેસલજી દાદા, જગજીવનદાસજી મહારાજ, અર્જુનનાથજી બાપુ યોગી, સોમનાથજી બાપુ યોગી, મોજનાથજી બાપુ યોગી, મહેશ નાથજીબાપુ, દિલીપદાદા કાપડી, સુરેશદાસ બાપુ, પીર ભીમજી દાદા, શરૂપાજી તુવર, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો પ્રધ્યુમનસિંહ જાડેજા, વીરેન્દ્રસિંહ જાડેજા, અનિરૂદ્ધભાઈ દવે, ત્રિકમભાઈ છાંગા, માલતીબેન મહેશ્વરી, કેશુભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, કાનજીદાદા કાપડી, તાલુકા પંચાયત લખપત પ્રમુખ જશુભા જાડેજા સહિતનાઓએ દર્શનનો લાભ લીધો હતો.

રામદેવપીર મેળા સમિતિના સેવકો જેઠુભા સોઢા, પ્રતાપસિંહ જાડેજા, ભાણુભા તુવર, જાલુભા, સુરૂભા ભોજુબા ભગત, હઠુભા ભગત, જેતમાલજી જાડેજા, રાણાભાઈ રબારી, કલ્પેશભાઈ સચદે, માલાભાઈ રબારી, મુરૂભા જાડેજા, મહિપતસિંહ જાડેજા, ચેતનસિંહ તુવર, હિતુભા દાદા તુવર, માધુભા જાડેજા, અર્જુન દેવસિંહ ચુડાસમા, ગીરીરાજસિંહ સોઢા, દેવાજી ખુઅડા સહિતે વ્યવસ્થા સંભાળી હતી. નારાયણસરોવરના વિશાલભાઈ જોશી કિરણભાઈ જોશી, દિલીપભાઈ જોશીએ શાસ્ત્રોકવિધિથી ધાર્મિકવિધિ સંપન્ન કરાવી હતી.

# મોટા રેહા ગામે રામમંદિરનો જીણોદ્ધાર- વાસ્તુપૂજનનો કાર્યક્રમ યોજાશે

ભુજ : સિતારામ સત્સંગ સેવા સમિતિના સહકારથી મોટા રેહા ગામે આવેલા ૧૧૧ વર્ષ જુના ઐતિહાસિક રામમંદિરનું જીણોદ્ધાર તથા વાસ્તુપૂજન તા.૬/૪ના રવિવારે યોજાશે. જેમાં સંતો-મહંતો અને મુખ્ય દાતા સમાજરત્ન વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકીના હસ્તે વસ્તુપૂજન કરવામાં આવશે.

મોટા રેહા ગામે આવેલા ઐતિહાસિક રામમંદિર જે ૧૧૧ વર્ષ પહેલા ઠા.મુરારજી ધરમશીના સુત દેવકરણ તથા જાદવજી મુરારજીના નાનાભાઈ શેઠ રામજી મુરારજીના પત્નીએ સવંત ૧૯૭૦ ના ઈશ્વર અર્પણ કર્યું હતું ત્યારે આ મંદિરનું જીણોદ્ધાર તથા પૂજારીના આવાસનું નવનિર્માણનું કામ કરવામાં આવશે. જેમાં રામનવમીના સવારે ૮ વાગ્યે વાસ્તુપૂજન, શોભાયાત્રા, આરતી, સન્માન સમારોહ, દાંડિયારાસ, આરાધ્યવાણી અને મહાપ્રસાદ જેના દાતા વિનોદભાઈ પુરુષોત્તમ સોલંકી સમાજરત્ન હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ ભવન મિસ્ત્રી સમાજવાડી મોટા રેહા ખાતે રાખવામાં આવ્યું છે. વાસ્તુપૂજન મુખ્ય દાતા સમાજરત્ન વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી તથા સહયોગી દાતા રાજેશભાઈ દયારામ રાઠોડ (માધાપર) હાલે નૈરોબી હસ્તે કરાશે. અતિથિ વિશેષમાં મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ (ઉદ્યોગપતિ) ગાંધીધામ, બ્રિજેશભાઈ હરિલાલ ગોહિલ (માધાપર) રહેશે. સંતોમાં રામેશ્વરબાપુ (સુતેશ્વર મહાદેવ મંદિર), રામનાથબાપુ ખાત્રોડ ડુંગર (વડવા), સંત હરશુખગીરી વીરગીરી (લેર હનુમાન), સંત બુદ્ધગિરિબાપુ (હનુમાન મઢી આશ્રમ), બાપુ લક્ષ્મણગર ગોપાલગર (વાઘેશ્વરી, હબાય) હાજર રહેશે તેવું પૂજારી ચંદ્રકાનંતભાઈ જોશી, જીણોદ્ધાર સમિતિના પ્રકાશસિંહ જાડેજા, રમણીકલાલ આચાર્ય, અરવિંદ ઠક્કર, કિશનકુમાર હરેશભાઈ આચાર્ય, માર્ગદર્શક જયંતીલાલ વાઘેલા તથા સમસ્ત ગ્રામજનોએ ભાવિક ભક્તોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.

# ભચાઉ સીએચસી ખાતે પઠાણી ઉઘરાણી કરાતા ફરિયાદ

ભચાઉ : અહીં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે વ્યાજે આપેલા નાણાંની પઠાણી ઉઘરાણી કરવામાં આવતા ફરિયાદ નોંધાઈ હતી.

આ બાબતે ભચાઉના બટીયા વિસ્તારમાં રહેતા મામદ હુસેન અબ્દુલશા શેખના જણાવ્યા પ્રમાણે આરોપી કાસમ ભાકરશા શેખે ફરિયાદીની અલ્ટો ગાડી પોતાની પાસે ગીરવે રાખી સવા લાખ આપ્યા હતા. ૭ મહિનામાં ૧.૦૫ લાખ વ્યાજના અને ૭૫ હજાર મુડીના વસૂલી લીધા બાદ અલ્ટો ગાડી આપી હતી. ફરિયાદી પાસે બાકી રૂપિયાની સગવડ ન હોવાથી સગવડ થયા બાદ રૂપિયા આપવાનું કહેતા ફરિયાદી ભચાઉ સીએચસી ખાતે હાજર હતો, ત્યારે આરોપીએ ગાળો આપી હતી. જેથી ભચાઉ પોલીસમાં ફરિયાદ થઈ છે.

# ભુજમાં સ્ટેશનરીની ખરીદીનું વિશ્વાસપાત્ર સ્થળ એટલે રોયલ સ્ટેશનર્સ

ભુજ : શહેરના જૂના બસ સ્ટેશન પાસે વાણિયાવાડમાં આવેલ રોયલ સ્ટેશનર્સ સ્કૂલ અને ઓફિસ સ્ટેશનરી, સ્કૂલ બેગ, ટ્રાવેલિંગ બેગ સહિતની ચીજવસ્તુઓની ખરીદી માટેનું વિશ્વાસપાત્ર સ્થળે છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિનો ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા અનવરભાઈ જુમાભાઈ નોડે (અનવર કાકા) અને અકીલ નોડે દુકાનનું સંચાલન સંભાળે છે. ઈ.સ. ૧૯૭૯થી શહેરમાં આવેલ રોયલ સ્ટેશનર્સમાં તમામ પ્રકારની સ્કૂલ અને ઓફિસ સ્ટેશનરી, સ્કૂલ બેગ, ટ્રાવેલ બેગ, જાણીતી બ્રાન્ડની નોટબુક ઉપરાંત ઈત્તર વાચનના પુસ્તકો પણ ઉપલબ્ધ છે. રોયલ સ્ટેશનર્સમાં જૂના પુસ્તકોનીબદલીમાં નવા વર્ષના પુસ્તકો મળી રહે છે. ધો.૧ થી ૧૨ સુધી ગુજરાતી માધ્યમના પાઠ્ય પુસ્તકો અને અન્ય પ્રકાશનો મળી રહે છે. ગ્રાહકોને સંતોષકારક સેવા આપવી તે જ રોયલ સ્ટેશનર્સનો મૂળમંત્ર છે તેવું અનવરભાઈ નોડે જણાવી રહ્યા છે.


અનવર જુમા નોડે ૯૪૨૬૨ ૪૮૮૧૭
RS
અકીલ અનવર નોડે ૯૯૭૯૩ ૪૮૮૧૩

**રોયલ સ્ટેશનર્સ**

ઓફિસ સ્ટેશનરી, સ્કુલ સ્ટેશનરી, પ્રા.શાળા (સ્કૂલ)ની તમામ પ્રકારની સ્ટેશનર્સ ટ્રાવેલીગ થેલા, ફેન્સી થેલા, સ્કુલ બેગ, ગોપી નોટબુક, ડોમ્સ નોટબુકના ખાસ વિક્રેતા

ખાસનોંધ : જુના-નવા ચોપડા લે-વેચ કરનાર
તમારા પાસે જુના ચોપડા હશે તો સામે તમને ચોપડા આપશું
તમામ સ્કૂલના
ધોરણ ૧ થી ૧૨ ગુજરાતી મીડીયમ
વાણિયાવાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભુજ-કચ્છ.

શ્રદ્ધા, શ્રમ, અડગ, અટલ
મારો રાજકિય અનુભવ ૩૫ વર્ષ
મારો સામાજીક અનુભવ ૩૫ વર્ષ
મારો ધંધાકીય અનુભવ
૪-૨-૧૯૭૯ થી અવિરત
આજ મારો અરિસો છે.
બસ તમારો અનવર કાકા


# ભુજમાં રામદેવજી મહારાજની જન્મજયંતી નિમિત્તે નિકળેલી શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું




ભુજ : અખિલ કચ્છ રામદેવજી મહારાજ ગ્રૂપ આયોજીત જૂની રાવલવાડી અને ભીમરાવનગર મારવાડા સમાજ દ્વારા રામદેવજી મહારાજની મહાશોભાયાત્રા જુની રાવલવાડી ખાતેથી નીકળી હતી.

આ અંગેની માહિતી આપતા મારવાડા સમાજના પ્રમુખ લલીતભાઈ પ્રેમજીભાઈ બુચિયાએ જણાવ્યું કે, રામદેવજી મહારાજની ૬૭૩ મી જન્મ જયંતી છે અને મારવાડા સમાજના તેઓ ઈષ્ટદેવ છે. સવારે ૯ વાગ્યે નેજા ચડામણી રાખવામાં આવી હતી. બાદમાં બપોરે શોભાયાત્રા જાહેર માર્ગ પરથી પસાર થઈ જુની રાવલવાડી ખાતે પહોંચી હતી. રાત્રે ૮ વાગ્યે પાટકોરી ત્યારબાદ સમૂહ ભોજન, પ્રસાદ, આરાધીવાણી અને રાત્રે ૧૦ વાગ્યે સંતવાણી રાખવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર કચ્છના નામાંકિત કલાકારો દ્વારા પ્રસ્તૂત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના વડીલો, બહેનો, યુવાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રામાં રાવલવાડી મારવાડા સમાજના પ્રમુખ પરેશ મારૂ, ભીમરાવનગર મારવાડા સમાજના પ્રમુખ લલીતભાઈ બુચિયા, અખિલ કચ્છ રામદેવ ગ્રૂપના સંચાલક ભરત બુચિયા, ગાંગજી બુચિયા, વિનોદ મેરિયા, કિશોર જેપાર, અખિલ કચ્છ મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ પચણભાઈ સંજોટ, કાર્યકારી પ્રમુખ રમેશભાઈ સીજુ, દેવજીભાઈ સીજુ, ધીરજલાલ સીજુ સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

## બજારભાવ

| | | | |
|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | મરચા | ૫-૨૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | મરચી | ૪૦-૮૦ |
| ગોવાર | ૪૮૨૫-૪૯૩૩ | રીંગણા કાળા | ૧૦-૨૨ |
| તુવેર | ૬૫૦૦-૬૭૫૦ | રીંગણા બાજરીયા | ૭-૨૦ |
| વાલ | ૪૧૦૦-૪૬૦૦ | કોબી દેશી | ૩-૮ |
| વરિયાળી | ૧૦૦૦૦-૧૦૮૮૦ | કોબી | ૩-૧૦ |
| ચણા | ૫૨૫૦-૫૩૯૦ | ફુલાવર | ૧૫-૨૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | ફુલાવર દેશી | ૧૦-૨૦ |
| **૪૦ કિલોના ભાવ** | | વટાણા | ૬૦-૯૦ |
| એરંડા | ૨૪૧૦-૨૪૪૦ | ધાણા | ૧૦-૨૫ |
| રાયડો | ૨૧૫૦-૨૨૧૭ | ભીંડા | ૪૦-૬૦ |
| ઈશબગુલ | ૪૫૫૦-૫૨૪૫ | કાકડી કાળી | ૫-૧૫ |
| ધાણા | ૨૬૦૦-૨૭૨૦ | કાકડી ખીરા | ૧૦-૨૦ |
| ધાણા જંબુસર | ૨૭૨૦-૨૮૮૦ | કાકડી સફેદ | ૧૦-૨૦ |
| ખાધાજીરૂ | ૮૦૦૦-૮૫૩૦ | પાલક | ૧૦-૨૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | લસણ લીલું | ૨૦-૩૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | લસણ સુકું | ૪૦-૮૦ |
| વરિયાળી | ૯૦૦૦-૧૩૦૦૦ | લીંબુ | ૪૦-૧૩૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | પીત્તાઈ ગાજર કેશરી | ૫-૧૨ |
| **૪૦ કિલોના ભાવ** | | પીત્તાઈ ગાજર લાલ | ૧૦-૨૦ |
| એરંડા | ૨૩૯૦-૨૪૬૬ | દુધી | ૫-૧૭ |
| કપાસ | ૨૭૦૦-૨૮૮૨ | આદુ | ૨૦-૪૦ |
| રાયડો | ૧૯૫૦-૨૧૭૧ | કારેલા | ૩૦-૫૦ |
| જીરૂ | ૬૦૦૦-૯૦૬૦ | શક્કરિયા | ૨૦-૩૦ |
| ઈશબગુલ | ૪૭૦૦-૫૩૦૦ | ચોળા ડોલર | ૩૦-૬૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | ગીલોડા | ૪૦-૫૦ |
| એરંડા | ૧૧૯૧-૧૨૧૫ | મરચા સીમલા | ૩૦-૫૦ |
| જીરૂ | ૨૯૦૨-૪૩૧૧ | ગોવાર દેશી | ૭૦-૧૨૦ |
| ઘઉં | ૪૧૪-૪૬૩ | ગોવાર | ૪૦-૮૦ |
| ધાણા | ૧૨૭૧ | ગીસોડા | ૧૦-૪૦ |
| રાયડો | ૧૦૪૭ | પરવળ | ૬૦-૮૦ |
| વરિયાળી | ૨૦૭૨ | સરગવો | ૧૦-૩૫ |
| અજમો | ૧૨૦૦ | ગેલકા | ૧૫-૩૦ |
| ઈશબગુલ | ૨૩૦૦-૨૪૭૦ | કોળુ | ૮-૧૪ |
| | | બીટ | ૫-૧૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | મેથી | ૨૦-૪૦ |
| ગોવાર | ૯૪૦-૯૫૦ | **ભુજ ફ્રુટ બજાર** | |
| એરંડા | ૧૧૯૪-૧૨૨૮ | કેળા કાચા | ૧૫-૨૫ |
| તુવેર | ૧૧૫૦-૧૨૨૫ | કેળા પાકા | ૨૦-૨૫ |
| રાયડો | ૧૦૫૦-૧૦૬૬ | પપૈયા કાચા | ૭-૧૫ |
| સાખજીરૂ | ૩૯૩૧-૪૨૧૮ | પપૈયા પાકા | ૧૦-૨૫ |
| ઈશબગુલ | ૨૩૫૦-૨૪૭૦ | જામફળ | ૧૦-૩૦ |
| | | ચીકુ | ૧૦-૪૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | શક્કરટેટી | ૫-૧૫ |
| **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | ફણસી | ૪૦-૬૦ |
| ડુંગળી | ૧૦-૨૦ | દાડમ | ૨૦-૧૫૦ |
| બટેટા | ૧૦-૧૭ | કલીંગર | ૫-૧૦ |
| ટમેટા | ૫-૧૨ | કાચી કેરી | ૩૦-૫૨ |
| લીલી ડુંગળી | ૫-૨૦ | પાકી કેરી | |

# સાયલન્ટ ડિઝાસ્ટર "હીટવેવ"ની વિપરીત અસરોથી બચવા માટે રાજ્ય સરકારે માર્ગદર્શિકા જાહેર કરી

**લૂ કે હીટસ્ટ્રોકના લક્ષણ જણાય તો તાત્કાલીક નજીકના ડોક્ટર, આરોગ્ય કેન્દ્ર અથવા સરકારી દવાખાનાનો સંપર્ક કરવો**

ગાંધીનગર : ઉનાળાની કાળઝાળ ગરમીમાં સાયલન્ટ ડિઝાસ્ટર "હીટવેવ"થી માનવજીવન ખૂબ જ પ્રભાવિત થાય છે. ગુજરાતના નાગરિકો ઉનાળાની ગરમીમાં પોતાના પરિવારને હિટવેવની વિપરીત અસરોથી બચાવી શકે તે માટે રાહત કમિશનરની કચેરી દ્વારા "હિટવેવ" માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ઉનાળામાં હીટવેવની સંભવિત અસરોને નિવારીને રક્ષણ મેળવી શકાય તે અર્થે માર્ગદર્શિકામાં હીટવેવના લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે.

**લૂ અથવા હિટ સ્ટ્રોકથી બચવાના ઉપાય.**

★ પુષ્કળ પ્રમાણમાં ઠંડુ પાણી, લીંબુ શરબત, છાશ, તાડફળી, નારીયેળનું પાણી, ખાંડમીઠાનું દ્રાવણ અને ORS જેવા પ્રવાહીનું સેવન કરવું ★ નાગરીકોએ વધુ પડતો શ્રમ ટાળવો અને શક્ય હોય ત્યાં સુધી તડકામાં ફરવાનું પણ ટાળવું ★ ભરબપોરે કામ પર જતા સમયે થોડો સમય છાયડામાં આરામ કરવો ★ ઠંડક માટે માથા પર ઠંડુ ભીનું કપડું રાખવું અને શ્રમિકોએ કામના સમયે ઉઘાડા શરીરે ફરવું નહીં. ★ ઉપવાસ કરવાનું ટાળવું ★ મંદિર, મસ્જિદ, થિયેટર, શોપીંગ મોલ જેવા ઠંડક વાળા સ્થળોએ જવું ★ ઘર, ઓફીસ અથવા અન્ય કામ કરતી જગ્યાએ પંખા, કુલર તેમજ છજ્ઞનો ઉપયોગ કરવો. ★ સગર્ભા માતા, નાના બાળકો, વૃદ્ધો તેમજ અશક્ત અને બિમાર વ્યકિતઓનું ખાસ ધ્યાન રાખવું. ★ હીટવેવ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું★ બહાર નીકળતા સમયે આખું શરીર અને માથું ઢંકાય તેવા સફેદ-સુતરાઉ અને ખુલ્લા કપડાં પહેરવા ★ બહાર નીકળતી વખતે ટોપી, ચશ્માં અને છત્રીનો ઉપયોગ કરવો ★ હીટવેવની આગાહીના દિવસોમાં બપોરે બે વાગ્યાથી ચાર વાગ્યા સુધીમાં બહાર નીકળવાનું ટાળવું. ★ બાળકો માટે કેસુડાનાં ફુલ તથા લીમડાના પાનનો નાહવાના પાણીમાં ઉપયોગ કરવો. ★ બજારમાં મળતો ખુલ્લો, વાસી ખોરાક ખાવો નહી, બજારમાં મળતા બરફનો ઉપયોગ પણ ટાળવો ★ લગ્ન પ્રસંગે દૂધ-માવાની બનાવેલી વાનગીઓ ખાવી નહી. ★ ચા – કોફી અને દારૂના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન ટાળવું.★ ઘરની છત પર સફેદ રંગ, સફેદ ચૂનો અથવા સફેદ ટાઈલ્સ લગાવવી, જે ઘરનું તાપમાન ઘટાડશે.★લૂ લાગવાના (હીટવેવના) લક્ષણો★ ★ માથું દુઃખવું, પગની પીંડીઓમાં દુઃખાવો થવો ★ શરીરનું તાપમાન વધી જવું ★ ખૂબ તરસ લાગવી ★ શરીરમાંથી પાણી ઓછું થઈ જવું ★ વધુ તાવ આવવો ★ ગરમ અને સૂકી ત્વચા ★ નાડીના ધબકારા વધવા ★ ઉલ્ટી થવી, ઉબકા આવવા ★ ચકકર આવવા, આંખે અંધારા આવવા ★ બેભાન થઈ જવું ★ સુધ-બુધ ગુમાવી દેવી ★ અતિગંભીર કિસ્સામાં ખેંચ આવવી હીટવેવની આગાહી દરમિયાન આવા લક્ષણ કોઈ પણ વ્યક્તિમાં જણાય તો તાત્કાલીક નજીકના ડોક્ટર, નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. આપાતકાલીન સ્થિતિમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવો.

# આપણી સંસ્કૃતિમાં પારંપારિક ઉત્સવો, મેળાઓનું આગવું મહત્વ છેઃ મુખ્યમંત્રી

અમદાવાદ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાંસ્કૃતિક વિશેષતાને એકતાના તારમાં બાંધીને 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાકાર કરાવી છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, સૌરાષ્ટ્રનો પ્રખ્યાત માધવપુર મેળાનું પૂર્વોત્તર રાજ્યોની સંસ્કૃતિ સાથેનું તાદાત્મ્ય એ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. માધવપુરનો મેળો આપણા સૌ માટે એક એવો અવસર છે કે, સોરઠ, ઘેડ સહિત હાલાર પંથક કૃષ્ણની ભક્તિમાં તલ્લીન થઈ જાય છે. 'વસુધૈવ કુટુંબકમ'નો ભાવ વધુ ઉજાગર થાય છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા દરવર્ષે પોરબંદર નજીકના માધવપુરમાં આ મેળાનું આયોજન કરવામાં આવે છે. રાજ્યના વિવિધ નગરો-મહાનગરોના નાગરિકો પૂર્વોત્તર રાજ્યોની સંસ્કૃતિને નજીકથી જાણી-માણી શકે તે માટે માધવપુર મેળો-૨૦૨૫ના પૂર્વાધરૂપે અમદાવાદ ખાતે યોજાયેલા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાત અને ઉત્તર પૂર્વના રાજ્યોના કલાકરો દ્વારા સંયુક્ત રીતે સાંસ્કૃતિક સંગમ કાર્યક્રમને મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લો મુક્યો હતો. મુખ્યમંત્રી એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં પારંપારિક ઉત્સવો, મેળાઓનું આગવું મહત્વ છે. સાથે સાથે આવા ઉત્સવો દરેક પ્રદેશની આગવી વિશેષતા પણ છે. સદીઓ પહેલાં ભગવાન શ્રી કૃષ્ણએ અરૂણાચલના રૂકમણીજી સાથે ગુજરાતના







**'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સાકાર કરવા માધવપુર ઘેડ સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન દરેક જિલ્લા સુધી પહોંચાડાશે :-રાજ્યમંત્રી હર્ષ સંઘવી**

માધવપુરમાં વિવાહ કર્યા અને પૂર્વોત્તર રાજ્યો સાથે ગુજરાતનો વિશેષ સંબંધ જોડાયો. શ્રી કૃષ્ણના રૂકમણીજી સાથેના વિવાહનો આ ઉત્સવ પણ એક ભારત, શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરતો પ્રસંગ છે. મુખ્યમંત્રી એ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં ભાષા, રીત-રિવાજ અને ખાન પાનમાં વૈવિધ્ય હોવું સ્વાભાવીક છે પરતું સંસ્કૃતિ સમાન છે. આપણને અન્ય રાજ્યોની ભાષા ન સમજાય તો પણ વિવિધ રાજ્યના લોકનૃત્ય અને સાંસ્કૃતિક કૃતિઓનો આનંદ તો અનુભવી જ શકીએ છીએ.

# ચારધામ યાત્રા માટે ૨૪ કલાક રજીસ્ટ્રેશન કરી શકાશે

દેહરાદૂનઃ ચારધામ યાત્રા માટે ઋષિકેશ અને વિકાસનગરમાં ૨૪ કલાક રજીસ્ટ્રેશન માટે કાઉન્ટર ખોલવામાં આવશે. ડીએમ સવિન બંસલે ગુરૂવારે સૂચના આપી હતી. દેહરાદૂનમાં મુસાફરી સંબંધિત વિભાગોની બેઠકમાં ડીએમએ કહ્યું કે, મુસાફરોને કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો ન જોઈએ.

ડીએમએ કહ્યું કે, ભંડોળના કારણે મુસાફરીની વ્યવસ્થામાં કોઈ કમી ન થવી જોઈએ. જો વિભાગોને વધારાના ભંડોળની જરૂર હોય, તો જિલ્લા વહીવટીતંત્ર પણ ભંડોળની વ્યવસ્થા કરશે. ૧૩ સીટર વાહન માટે ગ્રીન કાર્ડ જરૂરી ચારધામ યાત્રા સીઝન દરમિયાન સમગ્ર ઉત્તરાખંડમાં ૧૩ કે તેથી વધુની ક્ષમતા ધરાવતા કોમર્શિયલ વાહનો માટે ગ્રીન કાર્ડ ફરજિયાત રહેશે. રૂદ્રપ્રયાગમાં ગયા વર્ષે થયેલા અકસ્માતમાંથી બોધપાઠ લઈને પરિવહન વિભાગે આ નિર્ણય લીધો છે.

# મ્યાનમાર-થાઈલેન્ડના વિનાશક ભૂકંપથી મોરબી સાથેનો સિરામિક વેપાર કડડભૂસ

**૨-૩ મહિના સુધી નિકાસ બંધ રહે એવી વિકટ સ્થિતિ : સિરામિક ઉદ્યોગને દર મહિને થતો રૂ. ૩૦ કરોડનો વેપાર ગુમાવશે, માલની હેરફેર અને આર્થિક ચુકવણાં અટવાયાં**

મોરબી : થાઈલેન્ડ અને મ્યાનમારમાં વિનાશક ભૂકંપ આવ્યો છે, જેમાં સેકડો નિર્દોષ નાગરિકોના મોત થયા છે. જે બંને દેશો સાથે મોરબીના વિશ્વ વિખ્યાત સિરામિક ઉદ્યોગને સારાં વ્યાપારિક સંબંધો છે. જેથી હાલ ભૂકંપમાં થયેલી તબાહીને પગલે નિકાસ બંધ થઇ છે અને બે-ત્રણ માસ સુધી કામકાજ ઠપ્પ રહેશે. જો કે બાદમાં ટાઈલ્સ ડિમાન્ડમાં વધારો થશે તેવું જાણકારો માની રહ્યા છે. મોરબીના સિરામિક ઉદ્યોગકારો કહે છે કે, થાઈલેન્ડમાં મોરબીથી દર વર્ષે અંદાજે રૂ.૫૦૦ કરોડની ટાઈલ્સ સહિત સિરામિક માલ-સામાનની નિકાસ થાય છે. હાલના ટ્રેન્ડ પ્રમાણે માસિક રૂ. ૩૦ કરોડ જેટલી નિકાસ થાય છે, જે બે મહિના સુધી બંધ રહેશે. જો કે, બાદમાં રીપેરીંગ તેમજ નવા બાંધકામમાં ટાઈલ્સ ડિમાન્ડમાં વધારો થશે. કારણ કે, બન્ને દેશોમાં જનજીવન થાળે પડયા બાદ તૂટેલી ઈમારતો માટે સિરામિકની બમણી ડિમાન્ડ નીકળવાની ધારણાં છે.મોરબી સિરામિક એસોસીએશનનાં પૂર્વ પ્રમુખે જણાવ્યું કે, થાઈલેન્ડ અને મ્યાનમારમાં આવેલા ભૂકંપની ઘટના દુઃખદ છે. જલ્દી બધું સામાન્ય થઇ જાય તેવી ઈશ્વરને અમે પ્રાર્થના કરીએ છીએ. બન્ને દેશોમાં આવેલા ભૂકંપને કારણે મોરબીના સિરામિક ઉદ્યોગમાંથી થતી નિકાસને બેથી ત્રણ માસ સુધી માઠી અસર થશે.

# ભૂપેન્દ્ર પટેલે દવાડાથી "કેચ ધ રેઈન" સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ૨.૦નો આજે સાંજે રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાંજે મહેસાણા જિલ્લાના દવાડા ગામથી "કેચ ધ રેઈન" સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ૨.૦નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવા, જળસંગ્રહ ક્ષમતા વધારવા માટે વર્ષ ૨૦૧૮થી સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનું જનઆંદોલન ઉપાડ્યું છે. આ વર્ષે ૩૧મી મે સુધી યોજાનારા આ "કેચ ધ રેઈન" સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ૨.૦ના શુભારંભ અવસરે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, સાંસદ સર્વ હરીભાઈ પટેલ, મયંકભાઈ નાયક, મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા સચિવ પી.સી. વ્યાસ સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ડ્રેનેજ વોટર ટ્રીટમેન્ટની સુવિધા વધુ સુદ્રઢ થશે

ગાંધીનગરઃ ગાંધીનગર મહાનગરપાલિકાને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટતથા તેને સંલગ્ન ગંદા પાણીના વ્યવસ્થાપનના કામો, વરસાદી પાણીના નિકાલના નેટવર્કના કામો તથા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન સહિતની કામગીરી માટે રૂ.૬૦૬.૩૪ કરોડ રૂપિયાસ્વર્ણિમજયંતિમુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપી છે. આ રકમમાંથી જાસપુર STP અને તેને સંલગ્ન કામો માટે રૂ.૨૪૫ કરોડ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તરણથી નવા સમાવિષ્ટ થયેલા ગામતળ તથા નવા ટી.પી. વિસ્તારોમાં આવા કામો માટે ૩૬૧.૩૪ કરોડ રૂપિયા ઉપયોગમાં લેવાશે.

ગાંધીનગરમાં સેક્ટર ૧ થી ૩૦ તેમજ બોરીજ, પાલજ, બાસણ, ધોળાકુવા, ઈન્દ્રોડા, આદિવાડા અને ગોકુળપુરા ગામોના ડ્રેનેજના પાણીના અંદાજે ૬૦ સ્ન્ઢની જથ્થાને સરગાસણ પંપિંગ સ્ટેશન ખાતે એકત્રિત કરીને જાસપુરમાં આવેલા ૭૬ MLDની કેપેસિટીના STPમાં મુખ્ય લાઈન મારફતે યોગ્ય ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. ગાંધીનગર મહાનગર પાલિકાનો વિસ્તાર વધવાથી વસ્તીની ગીચતા અને પાણીના વપરાશમાં વધારો થવાના પરિણામે વધારાનું ૨૨ MLD પાણી પણ સરગાસણથી જાસપુર જતી ડ્રેનેજ લાઈનમાં મોકલવામાં આવે છે.

આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાના કેટલાક ટી. પી. વિસ્તારો અને ખોરજ ગામ તેમજ ગુડા વિસ્તારનું વધારાનું ૨૭ MLD ડ્રેનેજનું પાણી અડાલજ પંપિંગ સ્ટેશનથી પંપિંગ દ્વારા જાસપુર STP જતી લાઈનમાં પંપ કરવામાં આવે છે. આમ, જાસપુર STPની ૭૫ MLD ડ્રેનેજ વોટર ટ્રીટમેન્ટની કેપેસિટી સામે ૧૦૯ MLD ડ્રેનેજ વોટર જાસપુર STPમાં એકત્રિત થાય છે.

# મમતા સરકારને સુપ્રીમનો આંચકો

(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં ૨૫ હજાર શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી રદ કરવાના હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો છે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ કલકત્તા હાઈકોર્ટના ચુકાદામાં દખલગીરી કરવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે સરકારી અને સરકારી સહાય પ્રાપ્ત શાળાઓમાં ૨૫,૭૫૩ શિક્ષકો અને અન્ય કર્મચારીઓની નિમણૂકને અમાન્ય ગણાવી પસંદગી પ્રક્રિયાને દૂષિત ગણાવી છે. પશ્રિમ બંગાળ સ્કૂલ સર્વિસ કમિશન (ડબ્લ્યુબીએસએસસી) દ્વારા ૨૦૧૬માં ૨૫૦૦૦થી વધુ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ પી વી સંજયકુમારની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે અમને હાઈકોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવા માટે કોઈ કાયદેસર આધાર કે કારણ જોવા મળ્યું નથી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને નવેસરથી પસંદગી પ્રક્રિયા શરૂ કરવા અને ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે ૨૫,૭૫૩ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવા માટે લેવામાં આવેલી પરીક્ષાના ઓએમઆર શીટ સાથે ચેડા કરવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં લેવામાં આવેલી પરીક્ષામાં ૨૩ લાખ ઉમેદવારો બેઠા હતાં જેમાંથી ૨૫,૭૫૩ની પસંદગી કરવામાં આવી હતી. ગયા વર્ષે સાત મેના રોજ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે મૂક્યો હતો અને સીબીઆઈને આ કેસની તપાસ કરવાના નિર્દેશ આપ્યા હતાં.

# કોરોના વાયરસના નવા વેરિએન્ટનો ફરી હાહાકાર

**પાકીસ્તાનના રાષ્ટ્રપતિનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો : ઓસ્ટ્રેલીયા-યુકેમાં પણ ઝડપથી વકરી રહ્યો છે કોરોના**

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : કોરોના વાયરસના એક નવા વેરિયન્ટે ફરી એકવાર વિશ્વભરમાં ચિંતાનું મોજું ફેલાવ્યું છે. આ નવો વેરિયન્ટ ગુપ્ત રીતે ફેલાઈ રહ્યો છે, જેના કારણે વૈજ્ઞાનિકો અને તબીબી નિષ્ણાતો સતર્ક થઈ ગયા છે. ઓસ્ટ્રેલિયાના કેટલાક શહેરોમાં આ નવો વેરિયન્ટ જોવા મળ્યો છે, જે LP.8.1 છે. રિપોર્ટ્સ અનુસાર, ઓસ્ટ્રેલિયામાં તેના કેસ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે.

ન્યૂ સાઉથ વેલ્સમાં કોવિડ-૧૯ના પાંચમાંથી એક કેસ માટે આ નવો વેરિયન્ટ જવાબદાર હોવાનું કહેવાય છે. એટલું જ નહીં, યુનાઈટેડ કિંગડમ (યુકે) ના કેટલાક શહેરોમાં પણ તેના કેસ નોંધાયા છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ કે આ નવો વેરિયન્ટ કેટલો ખતરનાક છે અને તેના વિશે ચિંતા કરવાની જરૂર છે કે નહીં.કોવિડનું આ નવું સ્વરૂપ આપણા પડોશી દેશ પાકિસ્તાનમાં પણ પહોંચી ગયું છે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીને કોરોનાનો ચેપ લાગ્યો હોવાના સમાચાર છે. 'ધ ડોન'ના અહેવાલ મુજબ, કોવિડ પોઝિટિવ આવ્યા બાદ ઝરદારીને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, શ્વાસ લેવામાં તકલીફ અને તાવની ફરિયાદ બાદ તેમને કરાચીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ચેપ લાગ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં જુલાઈ ૨૦૨૨માં પણ ઝરદારી કોરોનાથી સંક્રમિત થયા હતા. જો કે, તેમને કોરોનાના કયા પ્રકારનો ચેપ લાગ્યો છે તે હજુ સુધી જાણી શકાયું નથી.

# અમેરિકન શેરબજારમાં ભયંકર કડાકો : મોટી મંદીના ભણકારા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિશ્વભરના દેશો પર લાદવામાં આવેલા ટેરિફની સીધી અસર વોલ સ્ટ્રીટ પર પડી, જ્યાં ગુરુવારે ભારે વેચવાલી જોવા મળી. ટ્રમ્પના આ નિર્ણયને કારણે વેપાર યુદ્ધ અને આર્થિક મંદીના ભયમાં વધારો થયો છે.

આનો સૌથી મોટો ફટકો અમેરિકન શેરબજારોને લાગ્યો. વૈશ્વિક નાણાકીય બજારમાં વધતી ચિંતાઓ વચ્ચે, કોવિડ-૧૯ પછી પહેલી વાર યુએસ શેરબજારમાં આટલા મોટા ઘટાડાનો સામનો કરવો પડ્યો.S&P ૫૦૦ ઈન્ડેક્સ લગભગ ૪.૮% ઘટ્યો, જે જૂન ૨૦૨૦ પછીનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો છે. આ ઘટાડાને કારણે બજારમાંથી ઈ૨.૪ ટ્રિલિયન (રૂ. ૨૦૦ લાખ કરોડ)નું નુકસાન થયું. વધુમાં, ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૪% (૧૬૭૯ પોઈન્ટ) ઘટ્યો, જ્યારે નાસ્ડેક કમ્પોઝિટ ૬% ઘટ્યો. આ ઘટાડો ૨૦૨૦ માં કોરોના રોગચાળા દરમિયાન જોવા મળેલા ઘટાડા જેવો જ હતો. ટેરિફ પછી આર્થિક મંદી અને ફુગાવાના ભયને કારણે વોલ સ્ટ્રીટ અસ્થિર દેખાતું હતું. મોટી ટેક કંપનીઓથી લઈને ક્રૂડ ઓઈલ અને વિદેશી ચલણ સુધી, દરેક જગ્યાએ ઘટાડો જોવા મળ્યો.

# મણિપુરમાં લગાવાયું રાષ્ટ્રપતિ શાસન

નવી દીલ્હી : આજે વહેલી સવારે સંસદે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાનો બંધારણીય ઠરાવ પસાર કર્યો. હિંસાગ્રસ્ત મણિપુરમાં ૧૩ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર બે મહિનાની અંદર રાષ્ટ્રપતિ શાસન લાદવાની પુષ્ટિ કરતો બંધારણીય ઠરાવ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજ્યસભામાં ચર્ચા અને પસાર માટે રજૂ કરવામાં આવ્યો હતો. શાહે કહ્યું કે એ પછી કેબિનેટે રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરી જેને રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધી.

# નાંદેડમાં મોટી દુર્ઘટના : મજૂરોને લઇને જતું ટ્રેક્ટર કુવામાં પડ્યું, ૮ લોકોના મોત

નવી દીલ્હી : મહારાષ્ટ્રના નાંદેડમાં મોટી દુર્ઘટના સર્જાઇ છે. મહિલા મજૂરોને લઇને જતુ એક ટ્રેક્ટર કુવામાં પડ્યું હતું. આ દુર્ઘટનામાં ૮ લોકોના મોત થયા છે. આ ઘટના નાંદેડના અલેગાંવ શિવરામાં બની છે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કેટલીક મહિલાઓ કુવામાં ફસાયેલી હોઈ શકે છે. ઘટનાસ્થળે બચાવકામ ચાલુ છે. મળતી માહિતી અનુસાર, ઘટના નાંદેડના અલેગાંવમાં સવારે ૯ વાગ્યે બની હતી. હિંગોલી જિલ્લામાં એક ટ્રેક્ટર પર સવાર થઈને મહિલા મજૂરો ખેતરમાં જતી હતી. રસ્તામાં કૂવો હતો જેનો અંદાજો ડ્રાઈવરને ના થતા ટ્રેક્ટર સીધુ કુવામાં ખાબક્યું હતું. ટ્રેક્ટર કુવામાં પડતા જ આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે કેટલીક મહિલાઓ કુવામાં ડુબી ગઇ હતી. મોતનો આંકડો વધી શકે છે. કુવામાં ફસાયેલી મહિલાઓનું રેસક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. બચાવ અભિયાન દરમિયાન કેટલીક મહિલાઓને બચાવવામાં સુરક્ષા કર્મીઓને સફળતા મળી છે.

# કડી અને વિસાવદર વિધાનસભા મતવિસ્તાર માટે મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર : ગુજરાતની બે સહિત દેશભરની કુલ આઠ વિધાનસભા બેઠકોની આગામી સમયમાં યોજાનાર પેટાચૂંટણીને અનુલક્ષીને ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવા નિર્દેશ આપવામાં આવ્યા છે. જે અંતર્ગત તા.૦૧લી એપ્રિલ, ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

આ ઝુંબેશ અંતર્ગત આગામી સમયમાં યોજાનાર ૨૪-કડી (અ.જા) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તાર માટે તા.૦૮/૦૪/૨૦૨૫ના રોજ સંકલિત મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિની સાથે જ તા.૦૮/૦૪/૨૦૨૫ થી તા.૨૪/૦૪/૨૦૨૫ સુધી મતદાર યાદીમાં નોંધાયેલા નામ કે નવા નોંધાનાર નામની અરજી અંગે હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકાશે.

મતદારો તેમના વિસ્તારની મતદાર નોંધણી અધિકારીની કચેરી તથા સંબંધિત જિલ્લાની કલેકટર કચેરી ખાતે મતદારયાદીનો મુસદ્દો જોઈ શકશે. મતદારો પોતાનું તેમજ પરિવારજનોનું નામ મતદારયાદીમાં ચકાસી શકશે અને જરૂર જણાયે મુસદ્દા મતદારયાદીમાં નામ ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવા અરજી ફોર્મ મેળવી અને ભરેલું ફોર્મ રજૂ કરી શકશે.

# ડિપોઝીટ વ્યાજદર ઘટવા લાગ્યા : FDના વ્યાજ વધુ ઘટશે

નવી દિલ્હી : બેંકોએ ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરોમાં ઘટાડો કરવાનું શરૂ કરી દીધું છે. ફેબ્રુઆરીમાં રિઝર્વ બેંક દ્વારા રેપો રેટમાં ઘટાડા બાદ આ વ્યાજ દરોમાં ઘટાડો શરૂ થયો છે.ફેબ્રુઆરીમાં રિઝર્વ બેંકે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પછી, એવું માનવામાં આવતું હતું કે, બેંકો હવે હ્લડ્ઢ પર વ્યાજ દર ઘટાડવાનું શરૂ કરશે.વ્યાજદરમાં ઘટાડો થવાને કારણે તેમાં રોકાણ કરનારા લોકોની સંખ્યા ઘટી શકે છે. કારણ કે રોકાણકારોને હવે FDપર ઓછું વળતર મળશે.

# હથિયાર લાઇસન્સ આપવાના કૌભાંડનો રેલો અમદાવાદ પહોંચ્યો

અમદાવાદ: : મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમમાં માત્ર ભાડાકરાર પર હથિયાર લાઈસન્સ આપવાના કૌભાંડનો રેલો અમદાવાદ પહોંચ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે થોડા દિવસ પહેલાં પિસ્તોલ સાથે પકડેલા ભરત ભરવાડની તપાસમાં અમદાવાદમાં ૩ વર્ષથી આ રેકેટ ચાલતું હોવાનું ખૂલ્યું છે. નાના ચિલોડામાં રહેતો મુકેશ ભરવાડ કૌભાંડનો મુખ્ય છે. રૂ.૭ લાખમાં ભાડાકરાર પર ભરત ભરવાડને હથિયારનું ઓલ ઈન્ડિયા પરમિટ લાઈસન્સ આપ્યું હતું. અમદાવાદનો મુકેશ ભરવાડ ૧૦થી ૧૫ લાખમાં બંદૂકનું લાઈસન્સ વેચતો હતો.ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખૂલ્યું છે કે, મુકેશ ભરવાડ હાલમાં ફરાર છે અને તે હરિયાણાના શૌકતે અત્યાર સુધીમાં અમદાવાદ સહિતના શહેરોમાં ૪૦થી વધુ લોકોને ભાડાકરાર પર લાઈસન્સ કઢાવી આપ્યાં છે. ક્રાઈમ બ્રાન્ચે ઘાટલોડિયામાં લક્ષ્મણગઢના ટેકરા પાસે રહેતા ભરત ભરવાડને ગાડી સાથે પકડી ગાડીમાંથી પરમિટની ગેરકાયદે પિસ્તોલ મળી હતી. જેની તપાસ કરતા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ.જે.જાડેજાએ જણાવ્યું કે, ભરત ભરવાડે ૨૦૨૨માં નાના ચિલોડામાં રહેતા મુકેશ ભરવાડને હથિયારનું લાઈસન્સ લેવાની વાત કરતા, તેણે રૂ.૭ લાખમાં મણિપુરથી ઓલ ઈન્ડિયા પરમિટ લાઈસન્સ કઢાવી આપવાનું કહી, મણિપુરમાં રહેતા હોવાના ભાડાકરારની વાત કરી હતી. ક્યારેય મણિપુર નહીં ગયેલા આરોપી ભરત ભરવાડે પોતે મણિપુરમાં રહેતો હોવાનો ભાડાકરાર અમદાવાદમાં કરાવી પોતે મણિપુરમાં શાકભાજીની લારી ચલાવે છે.

# ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા વિશેષ પ્રયત્નો કરાશે



ગાંધીનગર : ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા વિશેષ પ્રયત્નો કરાશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે રાજભવનમાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં કૃષિ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. ગુજરાતમાં ૫૩ તાલુકાઓમાં આદિજાતિના ખેડૂતો પરંપરાગત ખેતી કરી રહ્યા છે. મોટાભાગના ખેડૂતો ગાય પણ રાખે છે. આ વિસ્તારોમાં ખેડૂતો સો એ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતા થાય અને ડાંગ જિલ્લાની જેમ રાજ્યના તમામ આદિજાતિ વિસ્તારોમાં સો ટકા પ્રાકૃતિક ખેતી થાય તે માટે આદિજાતિ વિકાસ વિભાગના વિશેષ સહયોગથી કૃષિ વિભાગ સઘન પ્રયત્નો કરશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ અભિયાન હવે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન બની ગયું છે. આ મિશન સામાન્ય મિશન નથી. માનવ સ્વાસ્થ્ય માટે વર્તમાન સમય સંઘર્ષનો સમય છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધુંધ ઉપયોગથી કેન્સર, ડાયાબિટીસ જેવા જીવલેણ રોગોનો રાફડો ફાટ્યો છે. ધરતી સહન કરવાની સ્થિતિમાં નથી. ફળ, શાકભાજી અને અનાજ વાટે ધરતી એ ધીમું ઝેર આપણને પાછું આપી રહી છે. ગ્લોબલ વૉર્મિંગ માટે રાસાયણિક ખેતી વધુ જવાબદાર છે. વધુ ઉત્પાદન મેળવવાની ક્ષણિક લાલચમાં આપણે આપણી આવનારી પેઢીઓને ગંભીર પરિસ્થિતિમાં મૂકવા જઈ રહ્યા છીએ. આ વિષય પર ગંભીરતાથી વિચારવાની આવશ્યકતા છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે આદર્શ કામ થઈ રહ્યું છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓએ ઊંડાણપૂર્વકના પરીક્ષણો કરીને પ્રાકૃતિક કૃષિના જે પરિણામો મેળવ્યા છે, તે અત્યંત ઉત્સાહજનક છે. કૃષિ યુનિવર્સિટીઓ હજુ વધુ સંશોધનો કરે અને પરિણામો ખેડૂતો સમક્ષ મૂકે જેથી ખેડૂતોને પ્રમાણ મળે અને તેઓ સંકોચ વિના પ્રાકૃતિક ખેતી કરતા થાય.

જોઈએ છે ગાંધીધામ માટે
કામવાળી બહેન
ઘરનું સંપૂર્ણ કામકાજ તેમજ સાફ-સફાઈ માટે
ઓફીસની સાફ-સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
મળવાનો સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે
Mo. 9099079342

# ગુજરાત હાઈકોર્ટના એક ચુકાદાથી ૩૨ હજાર નિવૃત્ત કર્મચારીઓને મોટો ફાયદો

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે રાજ્ય સરકારના વિવિધ વિભાગના સંબંધિત નિવૃત્ત કર્મચારીઓના કેસ વ્યકિતગત ધોરણે ચકાસી તેઓને સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ, મળવાપાત્ર એક ઈક્રીમેન્ટનો લાભ અને એરિયર્સ છ સપ્તાહમાં ચૂકવી આપવા રાજ્ય સરકારને આદેશ કર્યો છે. જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ નિશા એમ. ઠાકોરની ખંડપીઠે પોતાના હુકમમાં એ પણ સ્પષ્ટ કર્યુ હતું કે, જે નિવૃત્ત કર્મચારીઓ વૈધાનિક સત્તામંડળમાંથી નિવૃત્ત થયા હશે અને જેઓને પેન્શન સ્કીમ લાગુ પડતી હશે તેવા નિવૃત્ત કર્મચારીઓને જ એક ઈક્રીમેન્ટનો લાભ મળશે.

નિવૃત્ત સરકારી કર્મચારીઓ તરફથી કરાયેલી ઢગલાબંધ કન્ટેમ્પ્ટ પિટિશનોનો નિકાલ કરતાં ગુજરાત હાઈકોર્ટે આ હુકમ કર્યો હતો. છેલ્લા ઘણા લાંબા સમયથી એક ઈક્રીમેન્ટ અને તેના એરિયર્સના કાનૂની વિવાદનો આખરે હાઈકોર્ટના આ ચુકાદાથી સુખદ અંત આવ્યો છે.

## પહેલા પાનાથી...

**બોલિવુડનો વધુ**

ના રોજ જન્મેલા મનોજ કુમારનું સાચું નામ હરિકૃષ્ણ ગિરિ ગોસ્વામી છે. ફિલ્મોમાં આવ્યા પછી, તેમણે પોતાનું નામ બદલીને મનોજ કુમાર રાખ્યું. મનોજ કુમાર તેમની દેશભક્તિ પૂર્ણ ફિલ્મો (Patriotic Films) માટે જાણીતા હતા. આ કારણોસર તેમને બોલિવૂડના 'ભરત કુમાર' કહેવામાં આવતા હતા.ભારતમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન 'ઉપકાર' ફિલ્મનું એક ગીત 'મેરે દેશ કી ધરતી' વગાડવામાં આવે છે.

# સીઆઈએસએફ દ્વારા કોસ્ટલ સાઈક્લોથોનનો સમાપન સમારોહ યોજાયો











ગાંધીધામ : સીઆઈએસએફના ૫૬મા સ્થાપના દિવસ નિમિત્તે એક ખાસ પહેલ શરૂ કરી. આ પહેલ હેઠળ ગ્રેટ ઈન્ડિયન કોસ્ટલ સાયક્લોથોનનું આયોજન કરાયું હતું, જે "સલામત દરિયા કિનારા, સમૃદ્ધ ભારત" થીમ પર આધારિત એક ઐતિહાસિક પ્રયાસ હતો.

૭મી માર્ચના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજાદિત્ય પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, તક્કોલમ, તમિલનાડુથી વર્ચ્યુઅલી સાયક્લોથોનને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ સાયકલ રેલીમાં બે સાયકલિંગ ટીમોએ ભારતના પૂર્વ અને પશ્ચિમ કિનારાથી એક સાથે પ્રવાસ શરૂ કરાયો હતો, જેમાં ૧૨૫ સાયકલ સવારો, જેમાં ૧૪ મહિલા દળના સભ્યોનો સમાવેશ થાય છે, તેમણે ૨૫ દિવસમાં ૬,૫૫૩ કિલોમીટરનું અંતર કાપીને ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુસાફરી કરી, આ મુશ્કેલ યાત્રા પૂર્ણ કરી છે.

પાંચ દાયકાથી વધુ સમયથી, સીઆઈએસએફને આ બંદરો અને દરિયાકાંઠે સ્થિત અન્ય મહત્વપૂર્ણ સ્થાપનો, જેમ કે રિફાઈનરીઓ, શિપયાર્ડ્સ અને પરમાણુ પાવર પ્લાન્ટ્સની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. આ સાયક્લોથોન દરિયાકાંઠાની સુરક્ષા સામેના જોખમો વિશે જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય દરિયાઈ સરહદોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક સમુદાયો સાથે સીઆઈએસએફની ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ હતો.

સાયક્લોથોનને સ્થાનિક સમુદાયો, સીઆઈએસએફના વિવિધ એકમોના ફોર્સ સભ્યો તેમજ અન્ય એજન્સીઓ તરફથી અતૂટ સમર્થન મળ્યું હતું જેના કારણે આ કાર્યક્રમ સંપૂર્ણ રીતે સફળ બન્યો. દેશના મુખ્ય દરિયાકાંઠાના શહેરો અને પારાદીપ બંદર, કોણાર્ક સૂર્ય મંદિર, ગેટવે ઓફ ઈન્ડિયા (મુંબઈ), વિશાખાપટ્ટનમ, મેંગલોર અને ચેન્નાઈ જેવા મહત્વપૂર્ણ સ્થળોએ ભવ્ય સ્વાગત અને ધ્વજવંદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં સ્થાનિક રહેવાસીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# જીએમડીસીના એમ.ડી રૂપવંતસિંગે લિગ્નાઈટ પાવર પ્રોજેક્ટના અધિકારીઓ સાથે કરી બેઠક

**બે દિવસીય પ્રવાસે આવેલા એમડીનું યુનિયન દ્વારા કરાયું સન્માન : પુનરાજપુર પ્રોજેકટ સત્વરે શરૂ કરવા સ્થાનિકો દ્વારા કરાઈ રજૂઆત**

ભુજ : લખખપત તાલુકાના પુનરાજપુર લખપત જીએમડીસી દ્વારા લિગ્નાઈટ અને લાઈમ સ્ટોનની ખાણ ચાલુ કરવા જઈ રહી છે. ત્યારે જીએમડીસીના એમ.ડી રૂપવંતસિગ બે દિવસીય કચ્છ પ્રવાસે પહોંચ્યા છે. જેમાં તેમણે લિગ્નાઈટ પાવર પ્રોજેક્ટના અધિકારીઓ સાથે કરી બેઠક એ.ટી. પી.એસ.પવાર પ્રોજેક્ટ છેર, પાનધ્રો -૨ તેમજ પાનધ્રો લિગ્રનાઈટ પ્રોજેક્ટના અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે મીટીંગ યોજી હતી. યુનીયન દ્વારા સાતમા પગાર પંચ મળવા બદલ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.



આ વેળાએ લખપત તાલુકા પંચાયતના પ્રતિનિધિ જશુભા જાડેજા, જીલ્લા પંચાયતના સભ્ય મામદભાઈ જત, લખપત તાલુકાના સરપંચ સંગઠન પ્રમુખ રમધાનભાઈ જત, ક્ષત્રિય સમાજ આગેવાન પુજુભા જાડેજા, ફુલરા પૂર્વ સરપંચ વલીમામદ જત, લખપત સરપંચ પ્રતિનિધિ સાલેમામદ ખલીફા સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી આ સાથે વડી કચેરી જનરલ મેનેજર એ.કે. માકડીયા, લાઈમ સ્ટોન મેનેજર એ.કે. શર્મા, પાનધ્રો લિગ્રનાઈટ પ્રોજેક્ટર મેનેજર દવે ઉપસ્થિતિ રહ્યા હતા. પુનરાજપુર લખપત જલ્દી પ્રોજેક્ટ ચાલુ થાય અને આ વિસ્તારમાં રોજગારમાં વધારો થાય તેવી ચર્ચા કરી હતી.

## નખત્રાણાથી ભુજ બસ વાયા વિથોણ સહિતના ગામોમાંથી બપોરે ચલાવવા માંગ

નખત્રાણા : તાલુકાના અંતરિયાળ ગામોના લોકો, સિનિયર સિટીઝનો કોર્ટ કચેરીના કામમાં તેમજ તાલુકાના મુખ્ય મથક કચેરીના કામગીરી માટે આવે છે. ત્યારે પરત ગામ જવા માટે એસ ટી બસ સુવિધા ન હોવાથી મૂશ્કેલી પડે છે. નખત્રાણા ડેપોથી નખત્રાણા - ભુજ વાયા નાગલપર, નાના અંગિયા, જિન્દાય, દેવસર, લાખિયારવીરા, ચાવડકા, વિથોણ, મોરજર, ભડલી, લક્ષ્મીપર, કલયાણપર, આણંદસર, માજીરાઈ, દેશલપર થી ભુજ ૧૫:૩૦ વાગ્યે એસ ટી બસ રૂટની જરૂર હોવાથી વિભાગીય નિયામક અને ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાને રજૂઆત કરવામાં આવી છે.



સૌરાષ્ટ્ર ક્રીકેટ એસો. દ્વારા આયોજીત તાજાવાલા ટ્રોફી સ્પર્ધાની મેચનો ડીપીએસ ક્રીકેટ ગ્રાઉન્ડ-ગાંધીધામ મધ્યે કેડીઆરસીએના પ્રમુખ શેખરભાઈ અયાચીના હસ્તે ટોચ ઉછાળી અને આરંભ કરાવવામા આવ્યો હતો. આજે કેડીઆરસીએ અને અમરેલી ડીસ્ટ્રીકટ વચ્ચે મેચનો આરંભ થવા પામ્યો છે. આ વેળાની તસવીરમાં બન્ને ટીમના કપ્તાન, કેડીઆરસીએના સેક્રેટરી શરદભાઈ શેટ્ટી તથા અમ્પાયરશ્રીઓ દ્રશ્યમાન થઈ રહ્યા છે.

# ચોપડવા નેશનલ હાઈવે પર બે કન્ટેઈનર ચાલકોએ સર્જેલા અકસ્માતમાં મહિલાનું મોત

**પરિવાર મેળામાંથી પરત ફરતો હતો ત્યારે બનેલી ઘટનાઃ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી**

ભચાઉ : પૂર્વ કચ્છમાં માર્ગ અકસ્માતના બનાવો વધી રહ્યા છે તેવામાં ચોપડવા નેશનલ હાઈવે પર બે કન્ટેઈનર ચાલકોએ સર્જેલા અકસ્માતમાં મહિલાનું મોત થયું હતું. આ બાબતે સીતારામપુરા ભચાઉમાં રહેતા અને હેરકટીંગ સાથે સંકળાયેલા સુલેમાન ઈશાભાઈ ખલીફાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેઓ બાઈક લઈને પત્ની સાથે જુની મોટી ચીરઈ ખાતે વરાઈ પીરના મેળામાં ગયા હતા. મેળામાંથી પરત આવતી વખતે ચોપડવા પાસે પહોંચ્યા ત્યારે પાછળથી પુર ઝડપે કન્ટેઈનર આવ્યું અને બાઈકની લગોલગ નિકળતાં બાઈકની પાછળ બેઠેલ પત્ની શેરબાનું રસ્તા પર પટકાયા હતા અને એ દરમિયાન બીજુ કન્ટેઈનર આવી જતાં તેના ટાયર નીચે આવી જવાથી પતિની નજર સામે પત્નીનું મોત થયું હતું. આ બનાવને પગલે સાત સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી હતી. બનાવને પગલે બે અજાણ્યા કન્ટેઈનર ચાલક સામે ભચાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# ડ્રગ્સના ગુનામાં બે વર્ષથી ફરાર આરોપી પકડાયો



ગાંધીધામ: અમદાવાદ રેલવે પોલીસમાં નોંધાયેલા ડ્રગ્સના ગુના કામે છેલ્લા બે વર્ષથી ફરાર આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. કંડલા મરીન પોલીસે મૂળ બિહારના હાલે વરસામેડીમાં રહેતા નીતિશકુમાર નંદકિશોર મંડલની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે રેલવે પોલીસને હવાલે કર્યો છે.

# કચ્છમાંથી પાંચ એએસઆઈ હવે પીએસઆઈ બન્યા

**રાજ્યમાં બઢતી પામેલા ૧૦ નવા પીએસઆઈને કચ્છમાં મુકાયા**

ગાંધીધામ : ગુજરાત પોલીસ દ્વારા એએસઆઈ સંવર્ગના ૨૬૧ કર્મચારીની બિનહથિયારી પીએસઆઈમાં બઢતી કરવામાં આવી છે. ખાલી પડેલી જગ્યાઓ પર ખાતાકીય બઢતી પરીક્ષાના આધારે બઢતી આપવામાં આવી છે. જેના પરિણામ બાદ કર્મચારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી છે. જેમાં પૂર્વ કચ્છ ગાંધીધામથી બરાડિયા રીનલ મ્યાજરભાઈને રાજકોટ શહેર, ઝાલા સિદ્ધરાજસિંહ અશોકસિંહની અમદાવાદ શહેરમાં મુકવામાં આવ્યા છે.

જયારે જામનગરથી જોશી ધારાબેન જીતેન્દ્રભાઈ, નારીયા કિર્તિબેન કાનજીભાઈ, ચાવડા હિતેશ મેરામણભાઈ, ડુઆ રાજશીભાઈ માંડણભાઈ, રાજકોટ શહેરથી ખાંભલા દિનેશભાઈ વિરાભાઈ, અમદાવાદ શહેરથી ગોહિલ ધર્મદિપસિંહ ચંદુભાને પૂર્વ કચ્છમાં નિમણુક અપાઈ છે.

આ તરફ પશ્ચિમ કચ્છથી રૂદ્રસિંહ પ્રભાતસિંહ જાડેજાને જામનગર, જયદીપસિંહ વિક્રમસિંહ ઝાલાને અમદાવાદ ગ્રામ્ય, યશવંતદાન નવલદાન ગઢવીને અમદાવાદ શહેરમાં નિમણુક અપાઈ છે. જયારે તેમના સ્થાને પશ્ચિમ કચ્છમાં રાજકોટ શહેરથી પાદરીયા સુધા દામજીભાઈ, કુંભરવાડિયા મોહિતકુમાર માણંદભાઈ, અમદાવાદ શહેરથી વાઘેલા મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ, અમદાવાદ શહેરથી ઝાલા યુવરાજસિંહ શિવુભાને મુકવામાં આવ્યા છે.

## કચ્છના ૭ સહિત રાજ્યના ૧૦૦ પીએસઆઈના પ્રમોશનનો ઘડાતો તખ્તો

ભુજ : રાજ્યમાં કુલ ૧૦૦ બિનહથિયારી પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાતાકીય બઢતી પસંદગી સમીતી બેઠકમાં વિચારણા બાદ કુલ ૧૦૦ પીએસઆઈની યાદી બનાવી તેઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસ / કોર્ટ કેસ, વિઝીલન્સ તપાસ, શિક્ષાની અમલવારીની વિગતો જિલ્લા પોલીસવડા પાસેથી માંગવામાં આવી છે. જેના આધારે બઢતીનો નિર્ણય લેવામાં આવશે. કચ્છની વાત કરીએ તો પૂર્વ કચ્છમાં મોલીયા પુજા છગનભાઈ, રામાનુંજ રાધિકા ચંદ્રકાંત, ડાંગર ભાવેશકુમાર ગોવિંદભાઈ, આહિર વિરામભાઈ પાતાભાઈ, પટેલ અજમલભાઈ વરધાભાઈ, પશ્ચિમ કચ્છમાં જાડેજા કુલદીપસિંહ અશોકસિંહ, બારિયા જીતેશકુમાર કાળસીંગભાઈની માહિતી માંગવામાં આવી હતી.

# મતિયાદેવ સ્થાનકે જતા પદયાત્રીઓ માટે સાપેડા પાસે સેવા કેમ્પ શરૂ કરાશે





ભુજ : મોટા મતિયાદેવ ગુડથર ધામ પદયાત્રાળુઓ માટે અંજાર મહેશ્વરી સમાજ દ્વારા સંચાલિત શ્રી મામૈદેવ યુવા મિત્ર મંડળ દ્વારા તા. ૧૦થી ૧૩-૪ સુધી સેવાકેમ્પ શરૂ કરાશે. અબડાસા તાલુકાના ગુડથર ગામે આવેલ મહેશ્વરી સંપ્રદાયના ઈશ્ટદેવ પરમપૂજ્ય દેવશ્રી મતિયાદેવની યાત્રાએ પગપાળા જતાં પદયાત્રાળુઓ માટે છેલ્લા ૨૩ વર્ષથી સેવા કેમ્પનું આયોજન અંજાર મહેશ્વરી સમાજ દ્વારા સંચાલિત શ્રી મામૈદેવ યુવા મિત્ર મંડળ, અંજાર ધ્વારા કરવામાં આવે છે. આ વર્ષે આ યાત્રા માટે સેવા કેમ્પ તા.૧૦/૦૪/૨૦૨૫થી તા.૧૩/૦૪/૨૦૨૫ સુધી યોજાનાર હોઈ દાદાના મંદિરે જતા પદયાત્રાળુઓ માટે અંજાર થી સાપેડા તરફ થી ચાર કિ.મી. દુર એચ.પી. પેટ્રોલપંપ, રિવેરા હોટલ સામે, શ્રી અંજાર મહેશ્વરી સમાજસંચાલિત શ્રી મામૈદેવ યુવા મિત્ર મંડળ દ્વારા તા.૧૦/૦૪/૨૦૨૫ થી તા.૧૩/૦૪/૨૦૨૫ સુધી ચા-પાણી-નાસ્તો-ભોજન-મેડીકલ સેવા તેમજ આરામની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જેમનો લાભ લેવા સમાજના પ્રમુખ સિંધવ ખીમજીભાઈ પાલુભાઈની યાદીમાં જણાવવામાં આવે છે.

# કચ્છ એસટીમાં શિક્ષણની જેમ સ્થાનિકોની ભરતી કરવા રજૂઆત

ભુજ : સરહદી કચ્છ જિલ્લામાં અન્ય જિલ્લામાંથી એસટી વિભાગમાં નોકરી કરવા લોકો આવતા હોય છે, પરંતુ બે ત્રણ વર્ષ બાદ પોતાના વતનમાં બદલી કરાવીને જતા રહે છે, ત્યારે જિલ્લાના ૭ ડેપોમાં મોટા પાયે ડ્રાઈવર અને કંડકટરની ઘટ રહે છે. કચ્છ ડિવિઝનમાં હાલે ૧૮૮ કંડકટર અને ૧૪૧ ડ્રાઈવરોની જગ્યા ખાલી છે. જેના કારણે દરેક ડેપોમાંથી અંતરિયાળ ગામોની બસોને કેન્સલ કરવામાં આવે છે. જેનાથી પ્રજા પરેશાન થાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે જિલ્લામાં ધોરણ ૧૨ પાસ ઉમેદવારોને કંડકટર, ડ્રાઈવર અને કલાર્ક તરીકે ભરતી કરવામાં આવે તેવી માંગ સલાહકાર સમિતિના સભ્ય ઉમેશ આચાર્યેએ કરી હતી. આ રજુઆત કચ્છના ધાસરાભ્યો કેશુભાઈ પટેલ, ત્રિકમભાઈ છાંગા, પ્રદ્યુમનસિંહ જાડેજાને પણ રજુઆત કરવામાં આવી હતી. રાજ્યના મુખ્યમંત્રીને કરેલી રજૂઆતમાં તેમણે જણાવ્યું હતું કે, કચ્છમાં અનેક નાના રૂટની બસો બંધ કરવામાં આવી છે. કંડકટર અને ડ્રાઈવરની ઘટના કારણે બસ બંધ થતી હોય છે. જેથી સ્થાનિકોની ભરતી કરવામાં આવે અને શિક્ષિત બેરોજગારોને નોકરી મળી રહે તે દિશામાં કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો.

# આદિપુર લોહાણા સમાજ દ્વારા રામનવમી ઉત્સવનું આયોજન

**યુવક મંડળ દ્વારા ભજન સ્પર્ધાનું આયોજન**

આદિપુર : લોહાણા મહાજનના સાંનિધ્યમાં યુવક મંડળ દ્વારા ચૈત્ર સુદ ૯ના તા. ૬-૪ના રવિવારના રામનવમીનું આયોજન વિવિધ કાર્યક્રમો દ્વારા કરાવેલ છે.

સવારે યજમાન પરિવારના હસ્તે પૂજનવિધિ ૧૦ વાગે, તથા ભજન સ્પર્ધા (અશોક સચદે ગ્રુપ) દ્વારા ૧૦.૩૦ વાગે તથા રામજન્મ અને મહાઆરતી બપોરે ૧૨ વાગે તેમજ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ફરાળ) બપોરે ૧ વાગે રાખવામાં આવે છે. જે મહાપ્રસાદના યજમાન જશોદાબેન વિઠ્ઠલદાસ રાચ્છ પરિવાર (ચિરઈવાળા) તેમજ ઉત્સવના સહયોગ જલીયાણ ગ્રુપ આદિપુર તરફથી લાભ લેવામાં આવેલ છે.ઉત્સવના દરેક કાર્યક્રમોમાં જ્ઞાતિજનો સહિત સારસ્વત અને ભટ્ટ પરિવારોને પધારવા માટે આદિપુર લોહાણા મહાજનના પ્રમુખ અશોકભાઈ કારિયા, મંત્રી મનીષભાઈ મજીઠીયા, ઉ.સમિતિના જીતેન્દ્ર મીરાણી તથા યુવક મંડળના પ્રમુખ હિરેન મજીઠીયા, મંત્રી જતીન દક્ષિણી તથા અનીલ કોઠક અને મહિલા મંડળના રેખાબેન કારિયા તથા નંદીનીબેન સોતા તરફથી અનુરોધ કરાયેલ છે.

## ગુજરાત વિધાનસભા પ્રશ્નોતરીનો અનુભવ



કચ્છના સભ્યોના સહકારથી જિલ્લાના જાગૃત નાગરિકો ઉમેશ આચાર્ય, જગદીશ દવે અને હરિદાન ગઢવીએ ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોતરી સાંભળવાનો લાભ લીધો હતો. સાથે સચિવાલયની પણ મુલાકાત લીધી હતી. મુલાકાતીઓએ ધારાસભ્યો પ્રધ્યુમનસિંહ જાડેજા, કેશુભાઈ પટેલ અને ત્રિકમભાઈ છાંગાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સુખપરના જમીન પ્રકરણમાં વહીવટી તંત્ર-જમીન માલીક આમને સામને

**વહીવટી તંત્ર કહે છે સરકારી જમીન છે જમીન માલિકો અને તેમના વિદ્વાન વકિલે આધાર પુરાવા રજૂ કર્યા**

ભુજ : માંડવી હાઈવે સ્થિત સુખપર ગ્રામ પંચાયતની હદમાં આવેલી સર્વે નં.૧૫૨ અને ૧૫૩ ને લઈ વહીવટી તંત્ર અને જમીન માલિકો આમને સામને આવી ગયા છે. વહીવટી તંત્રના અધિકારીઓએ કડક કાર્યવાહી કરી હતી.

બનાવની વિગતો આપતા કુંવરજી કેસરા ગોરસિયાએ જણાવ્યું કે, આ જમીન અમારા વડિલોપાજીત પરિવારની સર્વે નં.૧૫૨/૧૫૩ની જમીન છે અને આ જમીનની વિગોટી પરિવાર દ્વારા વખતો વખત ભરવામાં આવે છે. વડીલો પાર્જિત આ મોકાની જમીનની બાજુમાં ખેતર હતું. તેમાં પાણી ખારું આવતું હોવાથી વડીલોએ તળાવ બનાવ્યો હતો અને આ જમીન તળાવ નામની ઓળખાય છે. આ જમીનની વખતો વખત વિગોટીની પહોંચ, લાલબુક, જમીનનો હુકમ મામલતદાર સમક્ષ કરાઈ છે તેમ જણાવ્યું હતું.

વધુમાં જમીન માલિકના વિદવાન વકીલ મગનભાઈ ગઢવીએ જણાવ્યું કે, શહેરના મામલતદારે દબાણ સંબંધે નોટિસ આપી છે. તેમાં અજાણ્યા ઈસમોનો નામો ઉલ્લેખ કરાયો છે. હકીકતમાં મામલતદારને આ જમીન કોની તેની ખબર છે. નાયબ કલેક્ટરમાં કેસ ચાલુમાં છે. તેમાં પ્રાંત અધિકારી મામલતદારને એવો કાગળ લખે છે કે, સ્થાનિક જઈ તપાસ કરી હકીકત જાણી અરજદારને ન્યાય મળે તેવો ઉલ્લેખ કર્યો છે. આ બાબતે મામલતદાર જાણતા હોવા છતાં નોટિસમાં અજાણ્યા ઈસમો લખાયા છે. પ્રાંત અધિકારીના આદેશનો પાલન થયો નથી તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તેવો સણસણતો આક્ષેપ કર્યો હતો. સાથે જેસીબી મશીનો વડે તળાવ પુરાણનું કામ થતું હતું. તે કામ મામલતદારે નોટિસ આપી બંધ કરાવ્યો તેમની સાથે તાલુકા વિકાસ અધિકારી, સિંચાઈ અધિકારી, તલાટી, પોલીસ આ કામગીરી બંધ કરાવવા જોડાયા હતા. નાયબ કલેક્ટર પાસે કેસ ચાલુ હોવા છતા કાયદાથી ઉપર વટ જઈને ખોટી રીતે જમીન માલિકને હેરાન કરી રહ્યાનો આક્ષેપ જમીન માલિકના વકીલે કર્યો છે, જ્યારે ભુજ શહેરના મામલતદાર ડી.કે.રાજપાલે અજાણ્યા ઈસમો નામે નોટિસ આપી છે. શ્રી રાજપાલએ તેમની પ્રાથમિક તપાસમાં જમીન સરકારી માલિકીની છે અને તળાવ છે તેવું કહ્યું છે. તંત્રની તપાસ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. આવનારા સમયમાં વધુ કડાકા ભડાકા થશે તેવી શક્યતા નકારી શકાય નહીં એનો આવનારો સમય બતાવશે. હાલ આ ચર્ચાનો વિષય બન્યો છે.

# રવિવારે કચ્છ યુનિવર્સિટી ખાતે પીએચડી પ્રવેશ પરીક્ષા લેવાશે

ભુજ : આગામી તા.૬-૪ રવિવારે ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે પીએચડી પ્રવેશ પરીક્ષાનું આયોજન કરાયું છે. જેમાં ૪૦૦ થી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે.

આ અંગે વિગત આપતા કચ્છ યુનિવર્સિટીના પ્રોફેસર ગૌરવ ચૌહાણે જણાવ્યું હતું કે, કચ્છ યુનિ. દ્વારા લેવાનાર પીએચડી પ્રવેશ પરીક્ષા માટે દેશભરમાંથી કુલ્લ ૬૨૮ ઉમેદવારોએ આવેદન રજુ કર્યા હતા. જે પૈકી ૪૦૧ ઉમેદવારો આગામી ૬ એપ્રીલના પીએચડીની પ્રવેશ પરીક્ષા આપશે. નેટ જીસેટ જેવી પરીક્ષાઓ પાસ કરનાર માસ્ટર્સ ડિગ્રી ધારકોને પ્રવેશ પરીક્ષા આપવાની રહેતી નથી. રવિવારે ૨૦ જેટલા જુદા જુદા વિષયો આધારીત ૧૦૦ ગુણની પરીક્ષા લેવાશે. કચ્છ યુનિવર્સિટીના બ્લોક ખાતે સીસીટીવી કેમેરા સહિત ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત સાથે પ્રવેશ પરીક્ષા લેવાશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

## ભચાઉમાં છાશ કેન્દ્ર ખૂલ્લો મૂકાયો



ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘના આંગણે સંઘના પ્રમુખ ડો. લખમશીભાઈ નંદુના હસ્તે છાશ કેન્દ્ર ચાલુ થતા પ્રવાસીઓ, વટે માર્ગુ માટે આશીર્વાદ રૂપ બનશે. આ કેન્દ્ર કાયમી ધોરણ ચાલુ રહેશે. દાતાએ આ સેવા ચાલુ થઈ તેનો રાજીપો વ્યક્ત કર્યો હતો અને દર વર્ષે આવા સેવાકીય કાર્યો થશે તેમાં સહયોગ આપવાની ખાતરી આપી હતી. છાશ કેન્દ્ર ખૂલ્લો મુકતા પહેલા પ.પૂ. પુણ્યશીલા મહાસતીજી ઠાણાએ મંગલાચરણ અને માંગલિકથી શરૂઆત કરાવી હતી.

## વડીલજને પોતાનો જન્મદિવસ માનસિક દિવ્યાંગોની સેવા સાથે ઉજવ્યો

ભુજ : મુળ રાપર હાલે ભુજનાં રસીકલાલ ચુનીલાલ મોરબીયાએ પોતાનાં ૭૧ મા જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી. માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારાનાં માનસિક દિવ્યાંગોને સ્વ હસ્તે મિષ્ટાન-ફરસાણ સાથેનું ભોજન જમાડી પોતાનો જન્મદિવસ ઉજવી પ્રેરણારુપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમજ માનવજ્યોત સંસ્થાને અનુદાન અર્પણ કર્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

**છેવાડાના નલિયામાં**

ગુનાઓ સામે પણ પગલા લેવામાં નાકામ રહેતી હોઈ એલસીબી અને તેના તાબાની સાયબર ક્રાઈમ દ્વારા અબડાસાના નલીયા, કોઠારા જેવા વિસ્તારોમાં સર્વેલન્સ કરે તો અનેક માસ્ટર આઈડી થકી રમાડાતા ઓનલાઈન સટ્ટાનો પર્દાફાશ થાય તેમ છે. અબડાસાના યુવાધનને બરબાદીના માર્ગે લઈ જતી આ બદી સત્વરે ડામી ઓનલાઈન જુગારના આ ગોરખધંધા સામે કડક કાર્યવાહી કરાય તે હવે સમયની માંગ છે. જીલ્લા સ્તરેથી કામગીરીની સ્થાનિક નાગરીકો અપેક્ષા સેવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ક્રિકેટ બુકીઓ અને સટ્ટોડીયાઓમા ચર્ચાતી વિગતો મુજબ મુંબઈથી આવેલા વિષ્ણુ એ અબડાસા સહિત દસ થી બાર વ્યક્તિઓને આઈડી આપી છે, જેની તપાસ કરવામાં આવે તો અબડાસા સહિત મોટો ક્રિકેટ સટ્ટાનો કૌભાંડ ઝડપાય તેમ છે.

**કડોલમાંથી બોગસ**

રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર પણ મળી આવ્યું ન હતું. કોઈપણ જાતના આધાર પુરાવા વીના પતરા વાળી દુકાનમાં દવાખાનું ચલાવી લોકોના જીવ જોખમમાં મુકતો હતો. આરોગ્ય વિભાગને સાથે રાખી કરવામાં આવેલી તપાસમાં દવાખાનામાંથી એલોપેથીક દવાઓ, મેડીકલના સાધનો, ૫૪૪૬ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બોગસ ડોકટર સામે ભચાઉ પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

:::: જાહેર નોટીસ ::::

(સબ-પ્લોટ નં. ૫/એ, પ્લોટ નં. ૪૦૧, વોર્ડ નં. ૨/બી, આદિપુર-કચ્છ)

આ જાહેર નોટીસથી સર્વે લાગતા વગળગતાઓને જાણ કરવામાં આવે છે કે કચ્છ જીલ્લાના, ગાંધીધામ તાલુકાના, આદિપુર શહેરમાં વોર્ડ નં. ૨/બી માં આવેલ પ્લોટ નં. ૪૦૧માંનો સબ-પ્લોટ નં. ૫/એ વાળો ગુડવેલ્યુ ઈન્ફાસ્પેસ પ્રા. લી. એ પોતાના કબ્જા, ભોગવટા નો જણાવી/બતાવીને શેર સર્ટીફીકેટ નં. ૯, તા. ૨૪.૦૬.૨૦૧૩ વાળા શેર ધારકના હકકે અમારા અસીલ ને વેચાણ કરવાનો નકકી કરેલ છે.

ઉપરોકત મિલ્કત પર જો કોઈનો હકક, હિસ્સો, અધિકાર કે લેણાં-લેખાં ઉભેલ હોય કે આ સોદા સામે વાંધો કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૫ (પાંચ) માં તેવા આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. જો તે મુદત દરમ્યાન કાંઈ નહી આવે તો કોઈનું કાંઈ ઉભેલ નથી અગર તો જતું કરેલ છે તેવું માની ટ્રાન્સફર ની કામગીરી કરવામાં આવશે જે બાદ આ મિલ્કતની કે અમારા અસીલની પ્રત્યક્ષ કે પરોક્ષ જવાબદારી રહેશે નહી.

સ્થળ : ગાંધીધામ
તા. : ૦૪.૦૪.૨૦૨૫.

અમારી મારફતે :
**સપના દેવ દાદલાણી** (એડવોકેટ એન્ડ નોટરી)
**શ્વેતા એન. રામનાણી** (એડવોકેટ)
'સપના ટાવર', ન્યુ શોપ નં. ૨, ખન્ના માર્કેટ, ગાંધીધામ-કચ્છ. ફોન : ૯૩૭૫૩૨૪૫૦૮

NEWS PAPER

# આજે રાત્રે માતાનામઢમાં હવન સાથે ચૈત્રી નોરતાની થશે પૂર્ણાહુતિ





**નવરાત્રી દરમિયાન હજારોની સંખ્યામાં માઈ ભક્તોએ શીશ ઝુકાવ્યું : યાત્રાધામ બોર્ડ દ્વારા મંદિરનું નવીનીકરણ બાદ રોશનીનો શણગાર કરાતા રાત્રીના મઢ દિપી ઉઠ્યું**

માતાનામઢ : વર્ષ દરમિયાન માતાજીની આરાધના માઢે કુલ ચાર નવરાત્રી આવે છે. તે પૈકી અનુષ્ઠાનમાં જેનું વિશેષ મહત્વ છે તે ચૈત્રી નવરાત્રીમાં આજે સાતમના દિવસે રાત્રે માતાનામઢ હવન યોજવામાં આવશે. મોડી રાત્રે હવનમાં શ્રીફળ હોમાયા બાદ ચૈત્રી નોરતાની પૂર્ણાહુતિ થશે. આ સાથે ભુજ આશાપુરા મંદિરમાં પણ હવન યોજવામાં આવ્યો છે. આ વખતે એક નોરતું ઓછું છે.


પાંચમા નોરતે માતાનામઢ ખાતે ગાયક કલાકાર ઉમેશ બારોટની હાજરીમાં મહાઆરતી અને મંદિર પરિસરમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જાગીરના અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાએ માતાજીના ગરબાની આરતી કરી હતી. કચ્છ સૌરાષ્ટ્રના જાણીતા કલાકાર ઉમેશ બારોટ તેમજ રાજાવાસુ ગ્રુપ દ્વારા માતાજીના દુહા, છંદ સાથે રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. નવરાત્રી દરમિયાન ભક્તોનો મેળો અહીં ભરાતો હોય છે ત્યારે ગરબા રમવા પણ મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. યાત્રાધામ બોર્ડ દ્વારા ૩૫ કરોડના ખર્ચે માતાનામઢનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

આસો નવરાત્રીમાં ભાવિકો આવ્યા ત્યારે કામ ચાલુ હતું. હાલ મોટા ભાગનું કામ પૂર્ણ થઈ ચુકયું છે. ઉપરાંત આ વખતે મંદિરને વિશેષ રોશનીનો શણગાર કરાતા દુર દુરથી મઢના દર્શન થઈ રહ્યા છે.

ચૈત્રી નવરાત્રી દરમિયાન અંદાજે એક લાખ ભાવિકોએ દેશ દેવીના ચરણોમાં શીશ ઝુકાવ્યું છે. ભુજ આશાપુરા મંદિરે પહેલા નોરતે બેઠા ગરબા અને છઠા નોરતે મહિલાઓ માટે મંદિર પરિસરમાં ગરબા યોજવામાં આવ્યા હતા. આજે હવન બાદ નવરાત્રીની પૂર્ણાહુતિ થશે.

# એજીઈએલ દ્વારા ખાવડામાં ૪૮૦ મેગાવોટના નવા પ્રોજેક્ટ્સ શરૂ કરાયા

**૨૦૩૦ સુધીમાં ૫૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતાનું લક્ષ્યાંક**



અમદાવાદ : અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે સંપૂર્ણ માલિકીની પેટા કંપની દ્વારા ખાવડામાં ૬૯૨.૬ મેગાવોટની નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ્સનું પર કામ શરૂ કર્યુ છે.નવા કાર્યરત પ્રોજેક્ટ્સમાંરવિવારથી વીજ ઉત્પાદન શરૂ થઈ ગયું છે. જેમાં સૌર અને પવન ઉર્જા પ્લાન્ટ્સની નવીનીકરણીય ઉર્જા પ્લાન્ટસ થકી વીજળી ઉત્પાદન કરવામાં આવશે. નવા પ્રોજેક્ટ્સ અંતર્ગત કાર્યરત થયેલ ૪૮૦.૧ મેગાવોટનો સૌર અને પવન ઉર્જા પ્લાન્ટ અને અદાણી રિન્યુએબલ એનર્જી ફિફ્ટી સેવન લિમિટેડ દ્વારા કાર્યરત થયેલ ૨૧૨.૫ મેગાવોટનો સૌર પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ સાથે, એજીએલની કુલ નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ક્ષમતા ૧૪,૨૧૭.૯ મેગાવોટ સુધી પહોંચી ગઈ છે.

કંપનીના જણાવ્યા પ્રમાણે આ પ્રોજેક્ટ્સ શરૂ કરવાનો નિર્ણય જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ લેવામાં આવ્યો હતો, જેની સાથે રવિવારથી વીજ ઉત્પાદન શરૂ થયું છે. નવા કાર્યરત પ્રોજેક્ટ્સમાં વિવિધ પેટાકંપનીઓ હેઠળ સૌર અને પવન ઉર્જા પ્લાન્ટનો સમાવેશ થાય છે.

અદાણી રિન્યુએબલ એનર્જી ફિફ્ટી સિક્સ લિમિટેડે ૧૨૫ મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જ્યારે અદાણી રિન્યુએબલ એનર્જી ફોર્ટી વન લિમિટેડે ૬૫.૬ મેગાવોટનો પવન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. અદાણી રિન્યુએબલ એનર્જી ફિફ્ટી સેવન લિમિટેડે ૩૭.૫ મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ, અદાણી ગ્રીન એનર્જી ટ્વેન્ટી ફોર લિમિટેડે ૫૨ મેગાવોટ પવન ઉર્જા ક્ષમતા ઉમેરી છે અને અદાણી ગ્રીન એનર્જી ટ્વેન્ટી ફોર એ લિમિટેડે ૨૦૦ મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

અદાણી ગ્રીન કચ્છ જિલ્લાના ખાવડામાં૩૦,૦૦૦ મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો નવીનીકરણીય ઉર્જા પ્લાન્ટ વિકસાવી રહી છે. ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો આ પ્રોજેક્ટ પેરિસ કરતા પાંચ ગણો મોટો અને મુંબઈ જેટલો જ છે. જ્યારે પૂર્ણ થશે ત્યારે તે તમામ ઉર્જા સ્રોતોમાં વિશ્વનો સૌથી મોટો પાવર પ્લાન્ટ હશે. એજીએલની સંપૂર્ણ માલિકીની પેટાકંપનીઅદાણી રિન્યુએબલ એનર્જી હોલ્ડિંગ ટ્વેલ્વ લિમિટેડ, ઉત્તર પ્રદેશને ૨૫ વર્ષ માટે ૪૦૦ મેગાવોટ સૌર ઉર્જા સપ્લાય કરશે. ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણ લક્ષ્યો સાથે સંલગ્નઅદાણી ગ્રીન ૨૦૩૦ સુધીમાં ૫૦ ગીગાવોટના રિન્યુએબલ એનર્જી ક્ષમતાના લક્ષ્યાંક સાથે વધી રહ્યું છે. ૨૦૩૦ સુધીમાં આ ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઈંધણ ઊર્જા સાથે ગ્રીડને ડીકાર્બોનાઈઝ કરવાના ભારતના લક્ષ્યના ૧૦% હિસ્સો ધરાવે છે.

# જીવનને સફળ-સુફળ બનાવવાનો પ્રયત્ન કરે માનવ : આચાર્યશ્રી મહાશ્રમણજી



ભુજ:જન-જનનેસદ્ભાવના, નૈતિકતા અને નશામુક્તિનો સંદેશ આપતા જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના વર્તમાન અધિશાસ્તા, ભગવાન મહાવીરના પ્રતિનિધિ, અહિંસા યાત્રા પ્રણેતા, શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી પોતાની ધવલ સેના સાથે ગુરુવારે પ્રાતઃકાળની મંગલ વેળાએ આડેસરથી મંગલ પ્રસ્થાન કર્યું હતુ. લગભગ અઢી મહિના સુધી ગુજરાતના સૌથી મોટા જિલ્લા કચ્છમાં વિહાર પ્રવાસ સુસંપન્ન થઇ રહ્યો હતો. જનતાને મંગલ આશીર્વાદ આપતા શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી કચ્છ જિલ્લાની સીમાને ઓળંગીને પાટણ જિલ્લાની સીમામાં મંગલ પ્રવેશ કર્યો હતો. આચાર્યશ્રીએ લગભગ નવ કિલોમીટરનો વિહાર પૂર્ણ કરી પાટણ જિલ્લાના પિપરાળા ગામમાં આવેલી શ્રી વીર ડાંગર દગાયચા દાદાના આતિથ્ય ભવનમાં પધાર્યા હતા. તીવ્ર તડકાની પરવા કર્યા વિના સમતાના સાધક આચાર્યશ્રીએ ફરીથી આશરે ૭ કિ.મી.નું વિહાર કરી રોઝુ ગામે આવેલા અમૃત કલાપૂર્ણ તીર્થ વિહાર ધામમાં પધાર્યા હતા. આ વધતી ગરમી અને તડકાની વચ્ચે પણ મહાતપસ્વી આચાર્યશ્રીએ કુલ મળીને લગભગ સોળ કિ.મી.નો પ્રલંબ વિહાર કર્યો હતો.

શાંતિદૂત આચાર્યશ્રીએ ઉપસ્થિત શ્રદ્ધાળુઓને પાવન પ્રબોધ આપતા કહ્યું હતું કે, જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘમાં ૩૨ આગમ માન્ય છે. તેમાં એક છે ઉત્તરાધ્યયન. છત્રીસ અધ્યયન ધરાવતો આ આગમ તત્વબોધ તથા આધ્યાત્મિક સાધનાની દિશા દર્શાવે છે. તેમજ તેમાં કથાઓ અને પ્રસંગો દ્વારા વૈરાગ્ય પ્રેરણા પણ પ્રાપ્ત થાય છે. તેનું દસમું અધ્યયન ખૂબ જ ટૂંકું છે, પરંતુ તેમાં મનુષ્ય જન્મ દુર્લભ હોવાનો ઉલ્લેખ છે. અનેક જીવાત્માઓને લાંબા સમય સુધી મનુષ્ય જન્મ પ્રાપ્ત થતો નથી, તેથી આ દુર્લભ જીવનમાં વ્યક્તિએ સમયનો દુરુપયોગ ટાળવો જોઈએ. ચૌર્યાસી લાખ જીવ યોનિઓમાં મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે અને હાલમાં આપણને આ જન્મ મળ્યો છે, તેથી માણસે શું કરવું જોઈએ તે વિચારણિય બાબત છે. સાધુ બનવાનું સૌભાગ્ય ન મળે તો પણ ગૃહસ્થ જીવનમાં રહીને મનુષ્ય જીવનને સફળ બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. ધર્મ, ધ્યાન, ભક્તિ જેવા કાર્યો કરી શકાય. તીર્થંકરો પ્રત્યે શ્રદ્ધા રાખવી, ગુરુની ઉપાસના કરવી, અને તેમની આજ્ઞામાં રહી તેમની સેવા કરવી જોઈએ. જ્યાં સુધી શક્ય હોય, ગુરુની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. અમૃત કલાપૂર્ણ તીર્થ વિહાર ધામ તરફથી અજીતસિંહજીએ આચાર્યશ્રીના પાવન આગમન માટે ભાવોથી અભિવ્યક્તિ આપી હતી. આચાર્યશ્રીએ સૌને મંગલ આશીર્વાદ આપ્યા હતા. આચાર્યશ્રી સાથે વિચરણ કરી રહેલા અનેક સાધુ સાધ્વી તથા સમણી ભગવંતોની ધવલ સેનાની સાથે ચાતુર્માસ વ્યવસ્થા સમિતિ અમદાવાદના શ્રાવક - શ્રાવિકાઓ તથા વાવ,ડીસા તેમજ કરછના શ્રાવક - શ્રાવિકાઓ પણ રસ્તાની સેવામાં સેવારત્ત છે તેવું એક યાદીમાં મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું.

# એસ.ટી. બસનો ભાડો વધારો પરત ખેંચવા રજુઆત કરાઈ





નખત્રાણા : તાજેતરમાં રાજય સરકાર દ્વારા એસ.ટી. નિગમ દ્વારા તમામ સર્વિસ બસોના ભાડામાં વધારો કરાયોછે. તે પરત લેવામાં આવે તેવી જ્ઞાતિ નિર્મૂલન સમિતિએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને જિલ્લા કલેક્ટર મારફતે આવેદનપત્ર આપી રજુઆત કરી છે.

સમગ્ર રાજયમાં ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફર જનતાને સરળ ઝડપી અને પોષાય તેવી સેવા પુરી પાડે છે. તેમાં દરરોજ ૨૭ લાખની વધુ લોકો રાજયભરના મુસાફરી કરે છે. લોકલ સર્વિસમાં દરરોજ અંદાજિત ૧૦ લાખથી વધુ ૪૮કિ.મી. સુધીની મુસાફરી કરે છે. આવા લોકો માટે પરિવહન મુખ્ય સાધન છે. તેના ભડામાં ૨૫ ટકા જેટલો વધારો કરાયો છે. આ વધારાના કારણે લાખો મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સાથે સાથે રાજય સરકારે ભાડા વધારાની સાથે નિગમને વધારાના દિવસથી આગામી ૫૦૦ દિવસમાં નવી બસો આપવી, નવી કર્મચારીઓની ભરતી કરવી, આધુનિક બસ પોર્ટનો નિર્માણ કરવું અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો, તમામ સર્વિસમાં ઈ-ટિકિટ મશીન લગાડવા, મુસાફરોના મનોરંજન માટે એફ. એમ. રેડિયો, એલ.ઈ.ડી. મુકવી વગેરે શરતો રાખી છે. પરંતુ તેની અમલવારી થતી નથી. ભાડા વધારાની અમલવારી પહેલા મુસાફરો પાસેથી મંતવ્ય જાણવું જોઈએ તે નથી કરાવું માત્ર રાજયની જનતાને અન્યાય કરાયો છે. આવો તઘલખી નિર્ણય પરત ખેંચાય તેવું કન્વીનર શીવજીભાઈ એસ. સીજુએ ઉલ્લેખ કર્યો છે.

# અદાણી પોર્ટ્સના તમામ બંદરો પર કુલ ૪૫૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગ

**૨૦૦ એમએમટી કાર્ગો હેન્ડલ કરનાર અદાણી પોર્ટસ મુન્દ્રા બન્યું દેશનું પ્રથમ પોર્ટ**



મુન્દ્રા : અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેના તમામ બંદરો પર ૪૫૦ મિલિયન મેટ્રિક ટનના કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ કરીને ભારતના દરિયાઇ વ્યાપારમાં અમીટ છાપ ઉભી કરી છે. આ નોંધપાત્ર સિદ્ધિમાં મોખરે અદાણી પોર્ટ મુન્દ્રા છે, જેણે એક જ વર્ષમાં ૨૦૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગ કરનાર ભારતના પ્રથમ બંદર તરીકે ઈતિહાસ રચ્યો છે. આ બેવડી સીમાચિહ્નરૂપ સિદ્ધિ મુંદ્રા પોર્ટને દેશના મુખ્ય વ્યાપારી પ્રવેશદ્વાર તરીકે દર્શાવે છે, તથા ભારતના દરિયાઇ અને લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમમાં અગ્રિમ તરીકે એપીસેઝના કદને પણ ઉન્નત કરે છે.

એપીસેઝના પોર્ટફોલિયોમાં ૪૫૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગની સંયુક્ત સિદ્ધિ કંપનીની કાર્યકારી શ્રેષ્ઠતા અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે, જ્યારે એકલા અદાણી પોર્ટ મુન્દ્રાની ૨૦૦ એમએમટીની સ્વતંત્ર સિદ્ધિ આ સફળતામાં તેની મુખ્ય ભૂમિકા પર ભાર મૂકે છે.

## અંજાર નગરપાલિકાના નિવૃત કર્મચારીઓને ઓછી ચુકવેલ ગ્રેજયુઈટી વ્યાજ સહિત ચુકવવા આદેશ

અંજાર : અહીંની નગરપાલિકા નિવૃત થયેલા કાયમી કર્મચારીઓ, રોજનદાર કર્મચારીઓ, અવસાન પામેલા કર્મચારીઓને કાયદાનો ભંગ કરી ઓછી ગ્રેજયુઈટી રકમ ચુકવવામાં આવી હતી. અંજાર નગરપાલિકાના નિવૃત કર્મચારીઓ કેતન શાહ અને મામદભાઈ શેખ દ્વારા ગાંધીધામના નિયંત્રણ અધિકારી સમક્ષ પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ કાયદા અનુસાર ગ્રેજયુઈટી આપવા રજુઆત કરી હતી. આ અરજીમાં કર્મચારીઓ તરફે એડવોકેટ ડી.એમ.વૈદ્ય અને અવિનાશ ગીરજાશંકર ત્રવાડીએ આધાર - પુરાવાઓ સહિત દલીલો રજુ કરી હતી. નિયંત્રણ અધિકારી એ.કે.શિહોરાએ અંજાર નગરપાલિકાના ૧૮ નિવૃત કર્મચારીઓને ઓછી ચુકવેલ ગ્રેજયુઈટીની રકમ રૂા. ૪૦ લાખ ૧૦ ટકા વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કર્યો હતો. આ આદેશથી નિવૃત કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

# કંસારા સોની જ્ઞાતિ-ભુજના નવા હોદ્દેદારોની વરણી કરાઈ



ભુજ: કંસારા સોની જ્ઞાતિ દ્વારા ભુજમાં વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી, ઉપપ્રમુખ ભરતભાઈ હિંમતલાલ બગ્ગા (જે ડેવલપમેન્ટ અને મેન્ટેનન્સ સમિતિના ચેરમેન પણ રહેશે) અને ધર્મેન્દ્ર ઓધવજી બારમેડા, મંત્રી પરેશભાઈ ચમનલાલ ગુજરાતી, ખજાનચી હિતેશભાઈ ધીરજલાલ પોમલ તરીકે કાર્યભાર સંભાળશે. સહમંત્રી પદે મુળજીભાઈ એન. કટ્ટા અને ડૉ. ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા છે, જેમાં ડૉ. ચેતનભાઈ શિક્ષણ અને સામાજિક સમિતિના ચેરમેન તરીકે પણ રહેશે. સહખજાનચી પદે સંજીવ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી નિમાયા છે. વાસણ અને વાડી વહિવટ સમિતિના ચેરમેન તરીકે રાજેન્દ્ર વિશનજી બુધ્ધભટ્ટી અને ધાર્મિક સમિતિના ચેરમેન તરીકે રાજેશભાઈ સામજી બુધ્ધભટ્ટીની નિમણૂક કરાઈ છે. વડીલ કાયમી આમંત્રિત તરીકે અમૃતલાલભાઈ જે. સોલંકી અને ચંદુભાઈ જે. ચનાણી નિમાયા છે. આ ઉપરાંત ૧૪ કારોબારી સભ્યોની રચના પણ કરવામાં આવી છે. નવી સમિતિ દ્વારા સમાજના વિકાસ અને સંગઠન માટે કાર્ય કરવામાં આવશે.

# માંડવીમાં રોયલ્ટી વગર રેતી ભરીને જતું ટ્રેક્ટર પકડાયું



માંડવી : મોટા લાયજાથી ગોધરા જતા રસ્તા પર એલસીબીએ રોયલ્ટી વગર રેતી ભરીને જતા ટ્રેક્ટરને પકડી પાડ્યો હતો. મળતી વિગતો મુજબ ટ્રેક્ટર નંબર જી.જે. ૦૨ વીવી ૬૨૧૩ને અટકાવી રેતી બાબતે રોયલ્ટી પાસ પરમીટ માંગતા મળી આવી ન હતી. જેથી ખાણ ખનિજ ધારા મુજબ વાહન ડીટેઈન કરી એલસીબી દ્વારા માંડવી પોલીસ સ્ટેશને વાહન રખાવાયું હતું.

# ભાજપના રાજમાં કચ્છમાં પાણીની તંગી વહિવટી તંત્રની નિષ્ફળતા : કોંગ્રેસ

**કોંગ્રેસ જળ સત્યાગ્રહ કાર્યક્રમ કરતા પણ અચકાશે નહીં : યજુવેન્દ્રસિંહ જાડેજા**

ભુજ : ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ જે નર્મદા યોજનાનો શુભારંભ કરાવ્યો તે નર્મદા યોજનાના નામે ભાજપની કેન્દ્ર તથા રાજ્ય - સરકારોએ સરહદી અને કચ્છ જિલ્લાની પ્રજાને સતત ગુમરાહ કરેલ છે. ક્યારેક મચ્છુ ડેમમાંથી પાણી છોડી અવારનવાર બિનજરૂરી વધામણા કરી અને કચ્છની પ્રજાને સતત મૂરખ બનાવેલ. હાલમાં સરકાર તથા જિલ્લાનું તંત્ર જણાવી રહેલ છે કે નર્મદાયોજનાની પાઈપલાઈન તથા કેનાલોની મરમતના કારણે અઢીમાસ સુધી કચ્છ જિલ્લાને નર્મદાયોજનાનું પાણી મળશે નહીં જે બાબત ખૂબ ગંભીર અને પશુપાલનની દ્રષ્ટિએ મહત્વ ધરાવતા સરહદી કચ્છ જિલ્લા માટે અન્યાય છે. કારણ કે કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાના સિંચાઈનું પાણી તો નસીબ નથી થયું, પરંતુ પીવાનું પાણી મળી રહેલ છે કારણ કે નર્મદા યોજના સિવાય પીવાના પાણીનો બીજો કોઈ પરંપરાગત વિકલ્પ નથી, જેથી આગામી દિવસોમાં પરિસ્થિતિ વિકટ થવાની છે, જેની વધારે અસર કચ્છના શહેરી વિસ્તારોમાં થશે અને ગંભીર બાબત એ છે કે પાણી પુરવઠાની યોજનાઓમાં કરોડોની રકમ વપરાયા બાદ પણ કોઈ કાયમી ઉકેલ અને ટકાઉ વિતરણ વ્યવસ્થા આ ભાજપની સરકારે ગોઠવેલ નથી જે પણ ખૂબ ખેદજનક બાબત છે. કચ્છના ૭૦ ટકા ગામડાઓ પીવાના પાણી માટે "નોસોર્સ વિલેજીસ" છે. ઉપરાંત સિંચાઈ કે જળ સંરક્ષણની યોજનાઓમાં ભાજપના નેતાઓના બેફામ ભ્રષ્ટાચારના પરિણામે જળ સંરક્ષણ ક્ષેત્રે કચ્છ સ્વાવલંબી બની શકે તેવી પરિસ્થિતિ દેખાતી નથી. ખરેખર અઢી મહિના સુધી નર્મદાયોજનાનું પાણી બંધ રહે તે ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સાંસદ, ધારાસભ્યો, જિલ્લા, તાલુકા, નગરપાલિકાઓના વડાઓ માટે શરમજનક બાબત છે. ઘણા ગામો તથા ગ્રામ પંચાયતો ફક્ત એક પાણીના બોર પર નિર્ભર છે, તેવા અંતરિયાળ ગામોમાં પાણીની વિકટ તંગી સર્જાશે. ઉપરાંત મોટા તેમજ મધ્યમ કક્ષાના જળાશયો પણ ખાલીખમ છે કે તેઓને પણ ભ્રષ્ટાચારનું ગ્રહણ લાગી ચૂક્યું છે ? અને જળાશયને નર્મદા યોજનાના પાણીથી ભરવાની તસ્દી પણ સ્થાનિક તંત્રએ લીધેલ નથી.

કચ્છ જિલ્લા કોંગ્રેસ આ બાબતે ભાજપના જવાબદારોને તાકીદ કરે છે કે પ્રજાએ ખોબેખોબા મત આપેલ છે. તેઓની જીવાદોરી સમાન પાણીના એક માત્ર સ્રોત નર્મદા યોજના અઢીમાસ બંધ રહે તે કચ્છની પ્રજા સાથે હળાહળ અન્યાય છે. આ પ્રતિનિધિઓ કુંભકર્ણ નિંદ્રામાંથી બહાર આવે અને આગામી દિવસોમાં પશુધન તથા પ્રજા માટે પીવાના પાણીની વિકટ પરિસ્થિતિમાં આગોતરું આયોજન અને જરૂર જણાય તો ટેન્કર વ્યવસ્થા ગોઠવે તેવી માંગ કરવામાં આવી છે. નહીંતર કચ્છમાં પીવાના પાણીના મુદ્દે "જળ સત્યાગ્રહ" કરવો પડે તો કોંગ્રેસ પક્ષ તૈયાર છે, જેથી ત્વરિત ગંભીરતા લેવા કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું છે.

# ભુજમાં પંચકુંડી નારાયણ યજ્ઞનું આયોજન

**ભીડાઈ દશનામ ગોસ્વામી પરિવાર તથા પાબુજીદાદા સેવકગણના ઉપક્રમે વાર્ષિક ધર્મોત્સવ ઉજવાશે**





ભુજ : અહિંના ભીડાઈ દશનામ ગોસ્વામી પરિવાર અને પાબુજીદાદા સેવકગણના ઉપક્રમે તા. ૭-૪ના સોમવારે દાદાની પેડી અને માતાજીના પાટોત્સવ નિમિતે પંચકુડી નારાયણ યજ્ઞનું આયોજન કરાયું છે.

ભુજના ભીડ આઝાદ ચોકમાં અપના લોજ પાસે આવેલા પાબુજીધામ ખાતે તા. ૭-૪ના સવારે ૮:૩૦ કલાકે પંચકુંડી મહાયજ્ઞ ઉપરાંત દાદાની પેડી, બપોરે મહાપ્રસાદ, સત્યનારાયણ કથા, સાંજે મહાઆરતી, અન્નકુટ અને રાત્રે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. ત્યારબાદ રાત્રે ૧૦ કલાકે લોક કલાકા જીતુગીરી ગોસ્વામી (અંતરજાળ), નવીનભાઈ ભાટી, લોક સાહિત્યકાર રમેશભાઈ જોષી (માંડવી) સંતવાણીની રમઝટ જમાવશે. પાબુજી દાદા ધામના મહંત અતુલગીરી રમેશગીરી ગોસ્વામીના માર્ગદર્શનમાં સેવકગણ આયોજનની તૈયારીમાં જોતરાયું છે. ધર્મોત્સવનો લાભ લેવા ભાવિકોને નિમંત્રણ પાઠવાયું છે.

# મિરજાપરની એસબીઆઈ બેંકમાં સુવિધાનો અભાવ

ભુજ : ગામડાઓમાં સરકારી બેંકો આવેલી છે. તેમાંથી સૌથી મોટી બેંક સ્ટેટબેંક ઓફ ઈન્ડિયાની દરેક ગામડામાં બ્રાન્ચ હોયછે. પરંતુ લાઈટ ન હોવાના કારણે બેંકના કામકાજ માટે આવતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વાત છે મિરજાપર ગામે આવેલી એસ.બી.આઈ. બ્રાન્ચ જયાં વિદેશમાં વસતા એન.આર.આઈ. લોકો પોતાના કામકાજ અર્થે બેંકમાં આવતા હોય છે. ત્યારે ગામમાં વીજવિક્ષેપ થવાના કારણે કામકાજ ઠપ્પ થઈ જાય છ. નિયમ મુજબ બેંકમાં જનરેટર અથવા ઈન્વર્ટર રાખવામાં આવે પરંતુ મિરજાપરની બ્રાન્ચમાં આવી કોઈ સુવિધા રખાઈ નથી. જેના કારણે ખાતેદારોને લાઈટ આવવાની રાહ જેવી પડે છે. સાથે સમયની બરબાદી થાય છે જો નિયમ મુજબ ડી.જી. સેટ અથવા ઈન્વર્ટર રાખવાથી બેંકના કામકાજમા સુગમતા રહે અને આવેલા ખાતેદારોને હાલાકી વેઠવી ન પડે તેવું ખાતેદારોએ જણાવ્યું છે.

# મેઘપરમાં વિધિના નામે અજાણી મહિલા ૧.૪૨ લાખના દાગીના લઈ ફરાર

ભુજ : તાલુકાના મેઘપર ગામે વિધિના નામે અજાણી મહિલા ૧.૪૨ લાખના દાગીના લઈ ફરાર થઈ ગઈ હતી. આ બાબતે ફરિયાદી હસ્મીતાબેન યોગેશકુમાર ભંડેરીના જણાવ્યા પ્રમાણે ૨૦મી માર્ચના તેઓ ઘરે હતા, ત્યારે એક મહિલા તેના ઘરે આવી અને દાણા માંગ્યા હતા. દાણા આપવાની ના પાડતાં પોતે ડોણ ગામથી આઈ મા હોવાનું કહી ફરિયાદીના પતિ તેમજ દિકરા દિકરીના દુઃખ દુર કરવા આવી હોવાનું જણાવી લીલા ઝાડના પાંદડા અને દોરો મંગાવી વિધિ કરવાનું કહી ફરિયાદીનું મંગળસુત્ર અને સોનાના પાટલા રખાવ્યા હતા. વિધિ કરવા માટે ૧.૪૨ લાખના આ દાગીના સ્મશાનમાં મુકવા જવા પડશે. અને ૧૦ દિવસ બાદ પરત લઈ આવવાનું કહી અજાણી મહિલા ભાગી ગઈ હતી. ૧૦ દિવસ પછી દાગીના ન આવતા ઠગાઈ થયાનું જણાઈ આવતાં માનકુવા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. ગામના કેમેરામાં આ મહિલા કેદ થઈ છે. જો કે, ઓળખ થઈ નથી.

**ભુજ નગરપાલિકા**
**ભુજ-કચ્છ**
(બીજો પ્રયત્ન)
ભુજ નગરપાલિકા પાણી પુરવઠા શાખા કામે ૧) જુદા જુદા વિસ્તારમાં પાણીની લાઈન નાખવા ૨) જરૂરી મશીનરી ખરીદવા કામના ઓનલાઈન ટેન્ડર http://www.tender.nprocure.com પર આમંત્રિત કરેલ છે. જે ટેન્ડર ઓનલાઈન ભરવાની અંતિમ તા. ૧૧.૦૪.૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધીની રાખેલ છે. ફીઝીકલ ડોકયુમેન્ટ નગરપાલિકા કચેરીમાં પહોંચાડવાની અંતિમ તા. ૧૭.૦૪.૨૦૨૫ સુધીની રહેશે. રસ ધરાવનાર કોન્ટ્રાકટરોએ ઉકત વેબ સાઈટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવાનું રહેશે. ભૌતિક ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
મુખ્ય અધિકારી
(નામાનિ/કચ્છ/૬/૨૦૨૫-૨૬) ભુજ નગરપાલિકા

PGVCL
**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
નાના માવા મેન રોડ-રાજકોટ
CIN U40102GJ2003SGC042908 - ગાંધીધામ વિભાગીય કચેરી
રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં, ડી.સી.-૨, ગાંધીધામ
**વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ**
આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર મેન્ટેનન્સની અગત્યની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે.

| તારીખ | સમય | ફીડરનું નામ | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|---|
| ૦૫-૦૪-૨૫ | ૦૬:૦૦ થી ૧૪:૦૦ | ભાઈ પ્રતાપ | વોર્ડ ૧૨-બી નો બેન્કિંગ સર્કલ વાળો વિસ્તાર, તેમજ શિવાજી પાર્કની સામેનો ડી.બી.ઝેડ-એસ., ટી.સી.એક્ષ-એસ., એસ.ડી.એક્ષ-એસ. તથા સેક્ટર-૮ નો અમુક વિસ્તાર |

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ

**WE ARE HIRING.........**
A well established and reputed company based in Gandhidham, requires following staff for its clearing, forwarding, shipping division.
**1. Manager**
Having experience more than 5 years to independently look after clearing, forwarding, shipping division and must be able to liaise with concerned authorities/companies etc. and also have good fluency in communicating in various languages.
**2. DOCUMENT EXECUTIVE**
Having experience more than 3 years in Exports/Imports documents i.e. Shipping Invoice, BL Release, BL correction, Booking and any other shipping related work.
Salary is not a constraint for the right candidate. Interested candidates may send their resume with photo via Mail to:
hrhardipshipping@gmail.com.

જય દ્વારીકાધીશજી
**અજાણી પરિવારનું ગૌરવ**

**ડો.અવધેશ જે.અજાણી**
M.B.B.S.
ફર્સ્ટ કલાસ
દેશની પ્રસિદ્ધ-નામાંકિત બી.જે.મેડિકલ કોલેજ અમદાવાદથી ફર્સ્ટ કલાસ પાસ થવા બદલ અભિનંદન સહ આશીર્વાદ.
• એચ.એલ.અજાણી (એડવોકેટ) -દાદા • અનસુયા અજાણી - દાદી
• ચૈતાલી અને જયંત અજાણી (એડવોકેટ) - માતા-પિતા
• ભકિત એચ. અજાણી
તેમજ વટવૃક્ષ માતા જશુબાઈ લક્ષ્મીદાસ અજાણીનો
સમસ્ત પરિવાર-ભુજ

## કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલ ગોર ફરમાવે

# પડાણા ભયાવહ આગકાંડ તો પાસેરાની પ્રથમ પુણી : અનેક કસ્ટમ બોન્ડેડ વેરહાઉસના ધમધમે છે હાટડા..!



**ચુડવા-પડાણા-મીઠીરોહર સુધીના અંદાજીત ૧૦ કીમીથી વધુના પટ્ટામાં અનેક કસ્ટમ બોન્ડેડ વેરહાઉસ ધમધમી રહ્યા છે, તપાસ કરવી હોય તો ત્યાં જ પહેલા કરવી જોઈએ..! : હાલમાં પડાણા પાસે લાકડાનો જથ્થો પડયો હતો તે પણ કસ્ટમ બોન્ડડે વેરહાઉસ જ હતુ? ગાંધીધામ સંકુલના અમુક બની બેઠેલા મોટામાથાઓ કસ્ટમ બોન્ડેડ વેરહાઉસનું લાયસન્સ લઈ અને આડેધડ ભાડે આપી રહ્યા છે, અને માસીક ૩૦થી ૪૦ લાખના ભાડાઓ ખાઈ રહ્યા છે, લોકોના જાન-માલની સુરક્ષાની કોઈ જ ફિક્ર-પરવા જ ન હોય તેવી છે સ્થિતીઃ લાયસન્સ લ્યો, બાઉન્ડી વાળી દયો, ગેટ બનાવી આપો અને આપી દયો ભાડે, અનુ બસ પછી મહીને ૩૦થી ૪૦ લાખના ભાડાઓ ખાતા રહો, રોડ-રસ્તા-પાણી જેવી પણ પ્રાથમીક સુવીધાઓ નથી વિકસવાતી, ત્યાં ફાયર સેફટીની શું સુવિધાઓ રાખતા હશે? : જો તંત્ર આ વિસ્તારમાં ત્રાટકે તો આવા બની બઠેલા કસ્ટમ બોન્ડેડ વેરહાઉસ વાળાઓની લાલીયાવાડી આવશે બહાર**

ગાંધીધામ : તાજેતરમાં જ ગાંધીધમા-ભચાઉ નેશનલ હાઈવે પર પડાણા પાસે એક વેરહાઉસમાં ભયાવહ આગ લાગવાની ઘટના બનવા પામી હતી. આ આગ એટલી વિકરાળ હતી કે, ત્રણેક કલાક સુધી તો તેના લીધે હાઈવે બંધ કરવાની નોબત આવી જવા પામી હતી. ૨૦થી વધુ ફાયર બ્રીગેડના સાધનો-સ્ટાફે કલાકો સુધી આગને ઓલાવવા માટે જહેમત ઉઠાવી હતી. આગની ઘટનામાં અંદાજીત ૨૫થી ૩૦ કરોડની સંપત્તી ખાખ થઈ જવા પામી છે ત્યારે હવે જાણકારો કહી રહ્યા છે, આગ લાગી ગયા બાદ પ્રશાસન હવે હરકતમાં આવ્યુ છે, પરંતુ આ પડાણાવાળી આગની ઘટના તો માત્ર અને માત્ર આવા કાળા ધોળા કામોની પાસેરાની પ્રથમ જ પુણી છે. હકીકતમાં તો આસપાસના આ દસ કીમીના વિસ્તારમાં આવી અનેક શો મીલ અને કસ્ટમ બોન્ડેડ વેરહાઉસ આવેલા છે ત્યા મુદામાલની સલામતી-સુરક્ષાને લઈને કડક અને પ્રમાણિકતપાસ કરવાની જરૂરીયાત છે. આ મામલે જાણકારોની વાત માનીએ તો તાજેતરમાં જ પડાણા પાસે જે લાકડાની લાતી-જથ્થામા ભયાવહ આગની ઘટના બનવાપામી છે તેમાં પાંચેક કરોડના જથ્થાને નુકસાન થવા પામ્યુ છે તેની સાથે જ કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં ૨૦ કરોડના કિમંતી લાકડાનો જથ્થો બળીને ખાખ થવા પામી ગયુ છે. અંદાજીત ૩૦ કરોડ જેવુ નુકસાન થવા પામ્યું છે. ત્યારે અહી સવાલ એ થાય છે કે, આવા કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં રખાયેલા મુદામાલની સલામતી માટેની વ્યવસ્થાઓ કોઈ હોય છે કે નહી? કોણે કરવાની હોય છે? કસ્ટમ બોન્ડેડ વેરહાઉસનુ લાયસન્સ કોના નામનું છે? આ સવલો હવે એટલા માટે અહી ઉભા થવા પામ્યા છે કે, પડાણા પાસે ભયાવહ આગની જે ઘટના બની છે તે તો કસ્ટમ બોન્ડેડ વેરહાઉસવાળાઓની લાલીવાયાડીના પ્રકરણો પૈકીની પાસેરાની પ્રથમ જ પુણી કહી શકાય તેમ છે. આવુ એટલા માટે કહેવાય છે કે, આ જ હાઈવે પર ચુડવા, મીઠીરોહર અને પડાણા સહિતના અંદાજીત ૧૦થી ૧૨ કીમીનારોડ પર નહી હોય તો ૪૦થી વધુ આવા કસ્ટમ બોન્ડેડ વેરહાઉસ આવેલા છે.

આડેધડ કસ્ટમ બોન્ડેડ વેરહાઉસનાપરવાનાઓ લઈ લીધા બાદ જાન-માલની સુરક્ષાઓની કોઈ પણ પ્રકારની અગમચેતીની ચિંતા સેવ્યા વિના જ અહી માત્ર અને માત્ર મહીને લાખોની નફાખોરી જ આચરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં કહેવયા છે કે, માત્ર કસ્ટમ બોન્ડ વેરહાઉસનું લાયસન્સ લઈ લેવાનુ, બાઉન્ડી વાળી દેવાની, એકાદ ગેટ ફીટ કરી દેવાનો અને બસ આપી ઘો ભાડે અને મહીને ૩૦થી ૪૦ લાખનું ભાડું ખાતા રહો તેવી જ પ્રેકટીશ ચાલી રહી હોવાની સ્થિતી છે. કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં જે સવલતો અને સગવડો હોવી જોઈએ તે અહી કોઈ જ હોતી નથી. રોડ રસ્તા અને પાણી જેવી પણ વ્યવસ્થાઓ કરવામાં આવતી હોતી નથી. જે કોઈ પણ વસ્તુઓ અહી રાખવામાં આવે છે તેના ઈન્શયોરન્સ-વીમા પણ કેટલાક કિસ્સાઓમાં તો ઉતારવામા આવતા જ નથી? હાલમાં જે ઘટના બની છે તેમાં પણ વીમો ઉતારાયો હતો કે નહી? જે મુદામાલ પડયો હતો કરોડોનો તે તો આગમાં ખાખ થઈ ગયો? હવે તેના વળતરની ચુકવણીઓ કેવી રીતે કરવામાં આવશે? ખરેખર જો કલેકટરને પડાણામાં જે આગની ઘટના બની છે તેનુ પુરાવર્તન અટકાવવું જ હોય તો અહીના દસથી બાર કીમીના વિસ્તારમાં આવેલા આવા કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં નીતનીયમોની અમલવારીની ચકાસણી કરવાની જરૂર છે. અહી બાઉન્ડ્રી અને એક ગેટ બનાવવા સિવાય બધા જ નિયમોની માત્ર કાગળ પર જ અમલવારી થવા પામતી હોવાનુ દેખાશે.

### સૌથી મોટો સવાલ : પેટ્રોલપંપની લગોલગ કસ્ટમ બોન્ડેડ વેરહાઉસની મંજુરી કેમ મળી? કોણે આપી?

ગાંધીધામ : પડાણા પાસે લાગેલી ભયાવહ આગ તો ફાયર બ્રીગેડના કર્મીઓની કલાકોની મહેનત બાદ યેનકેન પ્રકારે પેટ્રોલપંપ સુધી સ્પર્શતી અટકાવાઈ હતી, પણ જો આ કસ્ટમ બોન્ડેડ વેરહાઉસની બાજુમાં જ આવેલા પેટ્રોલપંપમાં આગ પ્રસરી હોત તો ઘટનાની ગંભીરતા કયા જઈ પહોચત? આ બાબતે કોઈએ પણ વિચાર કર્યો છે ખરો? સૌથી મોટા સવાલ અહી એ જ થવા પામી રહ્યો છે કે આવા પેટ્રોલપંપોની બાજુમાં, એકદમ અડોઅડ જ કસ્ટમ બોનડેડ વેરહાઉસની પરવાનગી મળી જ કેવી રીતે? લાયસન્સ કોણે આપ્યુ? હકીકતમાં સૌથી મોટી તપાસનો વિષય તો આ જ બની રહ્યો છે.

**તપાસ કરવી જોઈએ કે, કેટલા કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં ફાયર એનઓસી લીધેલા છે? ફાયર ફાઈટીંગ સિસ્ટમ કે અગમચેતીની કોઈ વ્યવસ્થાઓ છે કે કેમ? કેટલા આવા વેરહાઉસ વીમા ધરાવી રહ્યા છે? કસ્ટમ વિભાગના મંજુરી આપવાના પેરામીટર શું છે? કયા આધારે પરવાનગીઓ અપાય છે? પડાણામાં પણ પેટ્રોલપંપને લગોલગ જ કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં મંજુરી અપાઈ કેવી રીતે?**

# મિરજાપરમાં બોગસ ખેડૂત ખાતેદાર બની કિંમતી જમીન મેળવી લેવાઈ

**ભુજના જાણિતા તબીબના પરિવાર વિરૂદ્ધ આધાર - પુરાવા સાથે વહિવટી તંત્રમાં કરાઈ રજૂઆત : તલસ્પર્શી તપાસ થાય તો રેવન્યુ - વહિવટી વિભાગના ભ્રષ્ટ અધિકારીઓના પગ નીચે આવશે રેલો : જાગૃત નાગરિકની રજૂઆત બાદ મહેસુલ વિભાગમાં હડકંપ : ભુજના એરપોર્ટ રોડ ઉપર ભોગસ ખેડુતોની જમીનનો વિવાદની ચર્ચાએ ગરમી પકડી**

### આવકવેરો બચાવવા બક્ષીસ દસ્તાવેજ બનાવ્યા

ભુજના પ્રતિષ્ઠીત તબીબે સરકારશ્રીને ઈન્કમટેક્સ ન ભરવું પડે તે માટે ખોટા અને કાયદા વિરૂદ્ધના બક્ષીસ ખત રજીસ્ટર કરાવેલ છે. જે મિલકત ખરેખર તેમના દ્વારા બેનામી રીતે અન્યના નામે ખરીદવામાં આવી હતી. તે ખોટી રીતે બક્ષીસ દસ્તાવેજથી પોતાના નામે કરાવી છે તેવો આક્ષેપ અરજદારે કર્યો હતો.

ભુજ : વિતેલા બે - અઢી દાયકા દરમ્યાન કચ્છમાં થયેલા વિકાસ બાદ રિયલ એસ્ટેટ સેકટરમાં ભારે તેજી જોવા મળી છે. કચ્છમાં જમીનોની કિંમત આસમાને પહોંચી છે. સાથે જમીન કૌભાંડનો ગ્રાફ પણ ઉચકાયો છે. સરકારી તંત્રમાં ખદબદતા ભ્રષ્ટાચારના કારણે જમીન સબંધી ગોટાળાઓની ફરિયાદો વધી છે. ત્યારે ભુજ નજીકના મિરજાપર ગામમાં બોગસ ખેડૂત ખાતેદાર બની આચરવામાં આવેલ જમીન કૌભાંડ હાલે ટોક ઓફ ધ ટાઉન બન્યું છે. હાલમાં કેટલાક ભોગસ ખેડુત ખાતેદારની ચર્ચા બજારમાં ગરમી પકડી છે ત્યારે મિરજાપરની જમીન વિવાદ બાદ એરપોર્ટ રોડ પણ ભોગસ ખેડુત ખાતેદારની જમીન વિવાદની ચર્ચાએ આગ પકડી છે. હાલ કલેકટર કચેરી સહિત સરકારી કચેરીઓમાં ભોગસ ખેડુત ખાતેદારોના વચોટીયાઓની અવર - જવર વધી ગઈ છે. હાલ રેવેન્યુમાં દરેક ચીજના ભાવ બજારમાં ફરતા હોવાની ચર્ચાએ ગરમી પકડી છે ત્યારે મીરઝાપરના જમીનનો મુદ્દા ભુકંપ સર્જાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ભુજ તાલુકાના મિરજાપરની બિનખેતી જમીન ભુજના તબીબ અને તેમના પુત્રના નામે નોંધાયેલી છે. આ જમીન વર્ષ ૧૯૮૩માં નાયબ કલેકટરના હુકમથી અન્ય નામે મંજૂર થઈ હતી.

આ બાબતે અલી મોહમ્મદ આરબ ચાકી દ્વારા વહિવટીતંત્ર અને સબંધિત વિભાગમાં કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, વર્ષ ૧૯૮૩માં થયેલ હુકમ કરતી વખતે ફોરેસ્ટ વિભાગનો અભિપ્રાય લેવામાં આવ્યો નથી. આ ઉપરાંત લાગુ જમીન અંગે ડીઆઈએલઆર કચેરીના જે તે વખતના અધિકારીએ ગેરકાયદેનો અભિપ્રાય આપ્યો હોવા છતાં તેની અવગણના કરાઈ હતી. લાગુની જમીન ફોરેસ્ટમાં આવતી હોવાથી શ્રીસરકાર દાખલ થઈ છે. બાકી રહેતી જમીન તેના હુકમની શરત મુજબ લાગુની જમીન સાથે ભેળવી દેવાની હતી, જે કરવામાં આવ્યું નથી. જેથી મિરજાપરની તે જમીન જે તબીબના પુત્રના નામે છે. તેમાં શરતભંગ કરાયો હોવાથી શ્રીસરકાર લેવા માંગ કરાઈ છે. અલી મોહમ્મદ આરબ ચાકીએ વિવિધ કચેરીઓમાં આધાર - પુરાવા સાથે રજૂઆત કરી છે. આ બાબતે તબીબ પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો પરંતુ સંપર્ક થઈ શક્યો ન હતો.

### તબીબના પરિવારનો કોઈ સભ્ય ખેડૂત ખાતેદાર નથી

જિલ્લા વહિવટી તંત્ર અને સબંધિત વિભાગમાં અરજદારે કરેલી રજૂઆતોમાં આક્ષેપ કરાયો છે કે, ભુજના તબીબ કે પરિવારના કોઈ જ સભ્ય ખેડૂત ન હોવા છતાં ખેડૂત બન્યા હોવાનો દાવો કરાયો છે. હાલની જમીન ખોટા વિલ ઉભા કરી ખેડૂત ન હોવા છતાં પોતાના નામે દાખલ કરાવી છે.

# છેવાડાના નલિયામાં આઈપીએલના ઓનલાઈન સટ્ટાની રોજની લાખોની હાર-જીત

**દારૂ અને ટ્રાફીક જેવા સામાન્ય ગુનાઓની સમસ્યાઓ સામે પગલા લેવામાં નાકામ નલીયા પોલીસ સાયબર શાખા સાથે સંકલન કરી સર્વેલન્સ કરે તો અનેક સટ્ટોડીયાનો થાય પર્દાફાશ**

નલિયા : હાલ આઈપીએલની સિઝન પુરબહારમાં છે ત્યારે નલીયા જેવા છેવાડાના વિસ્તારમાં પણ ઓનલાઈન સટ્ટા થકી રોજની લાખોની હાર-જીત થતી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે.

ઈન્ડિયન પ્રીમીયર લીગ એટલે કે ક્રિકેટની મોટી ટુર્નામેન્ટ શરૂ થવા સાથે કચ્છમાં સટ્ટોડીયા સક્રિય થયા છે ત્યારે આ બદી છેવાડાના અબડાસાના નલીયા સુધી વકરી હોવાની વિગતો જાણકાર સુત્રોમાંથી મળી રહી છે. ઓનલાઈન એપ થકી આઈડી બનાવી ઓનલાઈન સટ્ટામાં અનેક બરબાદ થઈ રહ્યા છે. માસ્ટર આઈડી થકી રમાડાતા સટ્ટામાં રોજની લાખોમાં હાર-જીત થતી હોવાની વિગતો સાથે રોજનું ટ્રાન્જેક્શન દોઢથી બે લાખ વીસ લાખ સુધીનું હોવાની શક્યતા જાણકારોએ વ્યક્ત કરી હતી. મુંબઈ કે દેશના અન્ય રાજ્યોના બુકીઓ સાથે સંપર્કમાં રહી રોજની લાખોની હાર-જીત થઈ રહી હોવાની હકીકતો બહાર આવી રહી છે. નલિયાના કોઈ અજ્ઞાત સ્થળેથી સટ્ટોડીયા ઓપરેટ કરતા હોવાની વિગતો પણ મળી રહી છે. અનેક યુવાનો આ બદી થકી બરબાદ થઈ રહ્યા છે.

આઈપીએલની મેચો પર ઓનલાઈન સટ્ટો રમાડાતો હોઈ નલીયા પોલીસ સાયબર શાખાના સંકલનમાં રહી સર્વેલન્સ કરે તો ક્રિકેટના મોટા સટ્ટાનો પર્દાફાશ થાય તેમ છે. પણ નલિયા પોલીસ તો દારૂ અને ટ્રાફીકના સામાન્ય

**અનુસંધાન પાના નં.૫ પર**

# કડોલમાંથી બોગસ ડોકટર પકડાયો

**બનાસકાંઠાના ૨૩ વર્ષિય યુવક પાસે કોઈ આધાર પુરાવા ન હતા : દર્દીઓના જીવ જોખમમાં મુકી કરતો હતો દવા**

ભચાઉ : તાલુકાના કડોલ ગામે રામ મંદિરની બાજુમાં આશીર્વાદ ક્લિનીક લખેલા દવાખાનામાં પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા અહીં ડોકટરની ખુરશી પર બેઠેલ બનાસકાંઠાના ભાભર તાલુકાના સનેસડા ગામના ૨૩ વર્ષિય બળદેવભાઈ તલાજી ઠાકોર પાસે તબીબ તરીકેના આધાર પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. મેડીકલ કાઉન્સીલ

**અનુસંધાન પાના નં.૫ પર**

# ડગાળા અને વાંઢમાં ખનિજ ચોરી બદલ ૩૨ લાખનો દંડ

**પખવાડિયા પહેલા એલસીબી અને ખાણ ખનિજ વિભાગે કાર્યવાહી કરી બન્ને સ્થળોએથી માટી અને બેન્ટોનાઈટના ગેરકાયદે ખનનનો કર્યો હતો પર્દાફાશ : જે તે સમયે સ્થળ પરથી ૧.૮૦ કરોડના વાહનો કરાયા હતા સીઝ**

ભુજ : જિલ્લામાં વધી રહેલી ખનીજ ચોરીને પગલે અવારનવાર સરકારી વિભાગો પર આક્ષેપો થતા હોય છે. આ વચ્ચે પખવાડીયા પહેલા એલસીબી અને ખાણ ખનીજ વિભાગ દ્વારા ભુજના ડગાળા અને માંડવીમાં વાંઢમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં કુલ્લ ૩૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ભુજ તાલુકાના ડગાળા ગામે સામજીભાઈ કરશનભાઈ વરચંદ ગામની સીમમાં આવેલ શ્રી સરકાર જમીનમાં ગેરકાયદે રીતે માટીનું ખોદકામ કરતા હોવાની બાતમીના આધારે એલસીબી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પરથી જેસીબી, લોડર, બે હીટાચી અને બે ડમ્પર મળી આવ્યા હતા. જયાં ખાણકામ ચાલુ હતું હાજર ઈસમોની પુછપરછ કરતા આ મીશનો સામજીભાઈ વરચંદના હોવાનું અને તેમના કહેવાથી ખાણકામ કરતા હોવાનું જણાવ્યું હતું. કોઈ લીઝ કે આધાર પુરાવા મળી આવ્યા ન હતા. ખનીજ વિભાગ દ્વારા માપણી કરાયા બાદ કુલ્લ ૧૬,૦૦,૭૫૨ નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

આ તરફ માંડવી તાલુકાના વાંઢ ગામથી શેરડી જતા રસ્તા પર જખદાદાના મંદિરના પાછળના ભાગે આવેલી જમીનમાં શેરડી ગામના રતનભાઈ અભરામભાઈ સંઘાર ગેરકાયદે રીતે બેન્ટોનાઈટનું ખોદકામ કરાવતા હોવાની બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો ત્યારે બે મશીન, ત્રણ ડમ્પર અને એક જેસીબી મળી આવ્યા હતા. સાત ઈસમો ખોદકામ કરતા હતા. તેઓની પુછપરછમાં શેરડીના રતનભાઈના કહેવાથી ખોદકામ કરતા હોવાનું જણાવ્યું હતું. કોઈ લીઝ આધારપુરાવા મળી આવ્યા ન હતા. ભુજ ખાણ ખનિજ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવ્યા બાદ ૧૬,૨૧,૯૫૧ નો દંડ ભરપાઈ કરાવાયો હતો. નવાઈની બાબત એ છે કે, જે તે સમયે સ્થળ પર મસમોટા ખાડા જોવા મળ્યા હતા. તેમજ સતાવાર રીતે ૧.૮૦ કરોડના વાહનો સીઝ કરાયા હોવાનું જણાવ્યું હતું. હવે ૩૨ લાખનું દંડ વસુલ કરવામાં આવ્યો છે. દંડની રકમ ઓછી હોવાનું ગણગણાટ સંલગ્ન વર્તુળોમાં થઈ રહ્યું છે.


(પધારો લહેડી) **જાહેર આમંત્રણ** (પધારો લહેડી)



**શ્રી મડદ દાદા યાત્રા મહોત્સવ-૨૦૨૫**

લહેડી, તા. અબડાસા સ્થિત પૂજ્ય મડદ દાદાના પાવન સ્થાને વાર્ષિક યાત્રા મહોત્સવ પ્રસંગે મહેશ સંપ્રદાયના પ. પૂ. પીર સાહેબ શ્રી લાલણ નારાયણ દેવના સાનિધ્યમાં યોજાનાર કાર્યક્રમોમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ.

સ્થળ : શ્રી મડદ દાદા સ્થાનક, મુ. પો. લહેડી, તા. અબડાસા-કચ્છ.
તારીખ : તા. ૦૫/૦૪/૨૦૨૫, શનિવાર, ચૈત્ર સુદ-આઠમ

॥ મંગલમય કાર્યક્રમ ॥

- ગાયોને નિરણ : સવારે ૭.૩૦ કલાકે
- શોભાયાત્રા (સામૈયું) : સવારે ૧૦.૩૦ કલાકે કાનજીભાઈ બી. ધુવાના નિવાસસ્થાન હિંગલાજ ફાર્મથી મડદ દાદાના સ્થાનક સુધી
- પ્રસાદ : બપોરે ૧૨.૦૦ કલાકે
- રાસગરબા : બપોરે ૨.૦૦ કલાકે
- ધ્વજારોહણ
- (ચાદર અને પ્રસાદ) : સાંજે ૫.૩૦ કલાકે
- બારમતી પંથ : સાંજે ૬.૦૦ કલાકે
- ભવ્ય મહાઆરતી : સાંજે ૭.૦૦ કલાકે
- મહાપ્રસાદ : સાંજે ૭.૩૦ કલાકે
- સંતવાણી : રાત્રે ૯.૩૦ કલાકે

રાસ ગરબાની રમઝટ
બપોરે ૨ થી ૬ વાગ્યા સુધી

રાસગરબા અને મહાઆરતીના કલાકારશ્રીઓ
- દેવીનભાઈ ઓડેદ્રા
- સોનલબેન સંઘાર
- રવિભાઈ લાંબા

ભજન સંતવાણી : રાત્રે ૧૦.૩૦ કલાકે (કલાકારશ્રીઓ)
- કીર્તિદાન ગઢવી (સૂરસમ્રાટશ્રી)
- બિંદુ રામાનુજ (લોકગાયિકા)
- રાજેશભાઈ ગઢવી (લોકસાહિત્યકાર)

સન્માન સમારંભ : રાત્રે ૯.૦૦ કલાકે
સાધુ, સંતો, રાજકીય-સામાજિક આગેવાનો તથા મહેમાનો

નિમંત્રક
- શ્રી વેલજીભાઈ બી. મહેશ્વરી (ધુઆ) (રીટાયર્ડ પી.આઈ., ગુજરાત) મહંતશ્રી, મડદ દાદા ધામ, લહેડી
- શ્રી મડદ દાદા સેવા સમિતિ
- વિનાયક લોકસેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી મડદમહેર ગૌશાળા
- શ્રી દિનેશભાઈ વી. મહેશ્વરી (ધુઆ) સેવકશ્રી, મડદ દાદા ધામ, લહેડી
- શ્રી મડદ દાદા એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ
- સ્વ. હર્ષિત મેડીકલ અને એજ્યુકેશન ટ્રસ્ટ-ભુજ

લહેડી, તા. અબડાસા-કચ્છ.


# મુંદરાથી લઈ કાસેઝ સુધીમાં એજન્સી ત્રાટકીની ચકચારથી આંતરીક ઉહાપોહ : CBI-ED-DRIના નામો ઉછળ્યા

**મુંદરા-કંડલામાં પાછલા કેટલાક સમયથી દેશવ્યાપી અને આંતરરાષ્ટ્રીય કક્ષાના મસમોટા મિસડીકલેરેશન અલગ અલગ કૌભાંડોની ચાલી રહી છે તપાસ, તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય હવાલા કૌભાંડનો પણ થયો છે ખુલાસો, અલગ અલગ પ્રકરણોની કડી જોડીને જામી છે ટ્રેડમાં આંતરીક ચર્ચા : કોઈક કહે છે કે ઝોન અધિકારીને ઉપાડયો, કોઈક સીએચએના માણસને તો કોઈક કસ્ટમના કર્મચારીને ઉપાડયો હોવાની કરે છે ચર્ચા : જો કે, સત્તાવાર સમર્થન કયાંથી પણ નહી**

ગાંધીધામ : કચ્છના બે મોટા મહાબંદરો જ કહી શકાય તેવા કંડલા-મુંદરામાં દેશ-વિદેશમાંથી મોટા પાયે કીમંતી ચીજવસ્તુઓની આયાત-નીકાસ કરવામા આવી રહી છે અને તેને જ લઈને અહી મિસડીકલેરેશન કૌભાંડો પણ પાછલા અમુક સમયથી એક પછી એક ગાજતા રહે છે. કયારેક સોપારીના કરોડોના મિસડીકલેરેશન અહીથી ઝડપાયે છે તો કયારેક વળી એમએચઓને લઈને પણ ડીજલ આયાત કરવામા આવતુ હોવાની ચર્ચા થતી રહે છે.

અને આવા કેસો અહીથી ઝડપાતા પણ રહ્યા છે. તો વળી તાજેતરમાં જ મુંદરામાંથી ૨૧ હજાર કરોડના હવાલા કૌભાંડને લઈને પણ એક કાર્યવાહી કરવામા આવી છે જેમા ત્રણ જેટલા લોકોને પકડી પાડયા બાદ મુંદરા કસ્ટમના એક અધિકારીને પાણીચુ આપી દેવામા આવ્યુ છે ત્યારે હવે ગત રોજ બપોરથી મોડી સાંજ સુધી મુંદરાથી લઈ અને કાસેઝ સુધી, ગાંધીધામ-કંડલા સંકુલમાં પણ કોઈ મોટી એજન્સી સંકુલમાં ત્રાટકી અને લાપરવાહ અધિકારીને પુછતાછ બાદ ઉઠાવી ગઈ હોવાની વાતો ઠેર ઠેર થવા પામી રહી છે.

જાણકારો કહી રહ્યા છે કે, ગઈકાલથી જ સંકુલના શીપીંગ ટ્રેડના બેડામાં એવી ચર્ચા જામી છે કે, મોટી એજન્સી તાજેતરના કોઈ પ્રકરણની તપાસમાં કચ્છમાં ઉતરી પડી છે અને લાપરવાહોની છાનબીન કરી રહી છે. પ્રથમ ચર્ચા એવી આવી કે, મુંદરામાં કોઈ કસ્ટમના વધુ એક અધિકારીને સાણસામાં લીધા છે અને તેની પુછતાછ કરાઈ રહી છે. તો એક વર્ગ કહેતો હતો કે, સીએચએના કોઈ વ્યકિતની પુછતાછ એજન્સી કરી રહી છે. આ વાત મોડી સાંજ સુધી કાસેઝ સુધી લંબાવવા પામી ગઈ હતી અને કહેવાતુ હતુ કે, સીબીઆઈ જેવી એજન્સી જોનમાં આવી અને અહી પુછતાછ હાથ ધરી છે. આ બધાની વચ્ચે જોવાની વાત એ છે કે, આવી કોઈ જ એજન્સીની સત્તાવાર માહીતી મુંદરાથી લઈ અને કંડલા- કાસેઝ સુધીમાં કયાંય સત્તાવાર સમર્થન મળતુ નથી. સતય જે કંઈ પણ હોય પરંતુ મિસડીકલેરશનના કારનામાઓકાં સીધા કે પરોક્ષ રીતે સંકળાયેલા તત્વોમાં આ પ્રકારની અફવા ફેલાવાથી છુપો ગભરાટ તો જોવા મળી જ આવ્યો હતો.

# કીડાણાની સોસાયટીમાં શ્રમજીવી પરિવારના દિકરા પર છોટાહાથી ફરી વળતા મોત

**હતભાગી શેરીમાં રમતો હતો ત્યારે સર્જાઈ કરૂણાંતિકા : પિતાનું ત્રણ વર્ષ પહેલા થયું હતું અવસાન : બે બહેનોએ ભાઈ ગુમાવ્યો**

ગાંધીધામ : તાલુકાના કીડાણા ખાતે આવેલી કિડાણા સાત સોસાયટીમાં રહેતા શ્રમજીવી પરિવારનો દિકરો શેરીમાં રમતો હતો ત્યારે છોટા હાથી રીવર્સમાં આવતા ચગદાઈ જવાના કારણે બાળકનું મોત થતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મુળ રાજસ્થાનના અને હાલે કીડાણામાં રહી છુટક મજુરી કરતા લલીતાદેવી ભીમારામ બાલોટીયાએ જણાવ્યું કે, બે એપ્રીલના સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. સોસાયટીમાં રહેતો સુલતાન છુછીયા દોડીને આવ્યો અને કહ્યું કે, તમારા દિકરાનો અકસ્માત થયો છે. જેને સારવાર માટે રામબાગ હોસ્પિટલમાં લઈ જતા ગંભીર ઈજાઓના કારણે તેનું મોત થયું હતું. હતભાગી ૧૨ વર્ષિય લક્કી સુલતાન છુછીયાની શેરીમાં અન્ય બાળકો સાથે રમતો હતો ત્યારે સોસાયટીમાં પાણી આપવા માટે આવેલ છોટાહાથી નંબર જી.જે.૧૨. એ.ઝેડ. ૧૬૭૧ ના ચાલકે પાછળ જોયા વગર અચાનક રીવર્સ લેતા લક્કી પર છોટાહાથી ચડી જતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. હતભાગીના પિતા ત્રણ વર્ષ પહેલા અવસાન પામ્યા હતા. પરિવારમાં માતા અને લક્કી તેમજ બે દિકરીઓ છે. પુત્રનું અવસાન થતા પરિવાર ભાંગી પડયો હતો. બે બહેનોએ ભાઈ ગુમાવવા સાથે માતાએ કુળદીપક ગુમાવ્યો છે. બનાવને પગલે સોસાયટીની સાથે વતનમાં પણ શોક ફેલાઈ જવા પામ્યો હતો. ગાંધીધામ બી ડિવિઝન પોલીસે છોટાહાથીના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.